# પ્રધાન મંત્રી – અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM – AJAY)

## કેન્દ્ર પુરસ્કૃત યોજના

## ગાઇડલાઇન્સ

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ભારત સરકાર

(ડિસેમ્બર – ૨૦૨૨)

સંશોધિત

પ્રધાન મંત્રી – અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM – AJAY)

**પ્રધાન મંત્રી – અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM – AJAY) - કેન્દ્ર પુરસ્કૃત યોજના**

## વિષયવસ્તુ


| પ્રકરણ | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોને "આદર્શ ગ્રામ"માં વિકસાવવા | ૧૧ |
| ૩ | રાજ્ય / જિલ્લાઓને સહાયક અનુદાન | ૧૯ |
| ૪ | છાત્રાલયનું બાંધકામ / સમારકામ | ૨૬ |
| ૫ | નાણાં પ્રવાહ વ્યવસ્થાતંત્ર | ૩૧ |
| ૬ | આકલન, દેખરેખ અને મૂલ્યાંકન | ૩૪ |
| ૭ | અન્ય બાબતો | ૩૭ |

**પ્રધાન મંત્રી – અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM – AJAY) - કેન્દ્ર પુરસ્કૃત યોજના**

**પરિશિષ્ટોની સૂચિ**

| પરિશિષ્ટ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | આ યોજના હેઠળના અનુસૂચિત જાતિ પરિવારોના વિકાસ માટે વિવિધ ક્ષેત્રો હેઠળ પ્રોજેક્ટ્સની સૂચક યાદી | ૩૮ |
| ૨ | કેન્દ્રિય અને રાજ્ય સલાહકાર સમિતિઓની રચના | ૪૦ |
| ૩ | પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિઓ (PACC) અને ગ્રામ્ય કક્ષાની એકીકરણ સમિતિ(VLCC) ની રચના | ૪૨ |

## પ્રકરણ – ૦૧

## પ્રસ્તાવના

### ૧. પૂર્વભૂમિકા:

અ. ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે જેનો હિસ્સો કુલ વસતીમાં ૧૬.૬% જેટલો છે એવી અનુસૂચિત જાતિઓ (SCs) એ વર્ષોથી સામાજિક અને શૈક્ષણિક અસમાનતાઓ અને આર્થિક વંચિતતામાંથી ઉદભવતા ઉત્પીડનો અને ભેદભાવોનો સામનો કરી રહી છે. તદ અન્વયે, તેમના હિતોની સુરક્ષા અને વિકાસ માટે બંધારણમાં કેટલીક ખાસ જોગવાઈઓ સ્થાપિત કરવામાં આવી છે. આ જોગવાઈઓમાં તેમના પર લાદવામાં આવેલ કોઈપણ પ્રકારના સામાજિક ભેદભાવો દૂર કરવાથી માંડી દરેક ક્ષેત્રમાં તેમના માટે તકોની સમાનતા સુનિશ્ચિત કરવા સુધી અને પ્રવર્તમાન સકારાત્મક ભેદભાવને ઓળખવાથી લઈ તેમને સમાજની બાકીની વસતી સાથે મુખ્ય ધારામાં લાવવા સુધીના વિવિધ પગલાંઓનો સમાવેશ થાય છે.

બ. ભારતના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય સુનિશ્ચિત કરવો એભારતના બંધારણના આમુખમાં દર્શાવવામાં આવેલ બંધારણનું સૌ પ્રથમ ધ્યેય છે. બંધારણના ભાગ – ૪ ના અનુચ્છેદ - ૪૬ ("રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો")માં સમાજના પ્રમાણમાં નબળા વર્ગના લોકો, ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોની ખાસ કાળજી રાખવા રાજ્યને આજ્ઞા કરવામાં આવે છે. આ ભાગનો અનુચ્છેદ - ૩૮ (૨) રાજ્યને આવકની અસમાનતા શક્યત: ઓછી કરવા અને ન માત્ર લોકો વચ્ચેની પણ જુદા જુદા વિસ્તારોમાં વસતા લોકોના સમૂહો અથવા વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલ લોકો વચ્ચે સામાજિક-આર્થિક દરજ્જો, સુવિધાઓ અને તકોની અસમાનતા દૂર કરવા આજ્ઞા કરે છે.

ક. અનુસૂચિત જાતિઓના વિકાસ માટે કેન્દ્રિય સરકાર અને રાજ્ય સરકારોએ અનેક પહેલ હાથ ધરી છે, જેના સકારાત્મક પરિણામો જોવા મળ્યા છે તેમજ આના પરિણામે અનુસૂચિત જાતિઓની વસતી અને બાકીના જનસમુદાય વચ્ચેની અસમાનતાની ખાઈ હવે સાંકળી થઈ છે. આ બધી પહેલ સમાજના અત્યંત વંચિત જૂથોના સામાજિક સુગ્રથન માટે અને સામાજિક અને આર્થિક ઉત્થાન માટે તેમને જરૂરી વાતાવરણ પ્રદાન કરવા માટે હતી. અત્યંત મહત્ત્વપૂર્ણ પહેલ પૈકીની એક છે કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ અનુક્રમે અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે ફાળવણી (AWSC) અને અનુસૂચિત જાતિ પેટા-યોજના (SCSP) ના ભાગ તરીકે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે અલાયદા બજેટની ફાળવણી કરવી. આને સુસંગત રહી અને બાકીના અન્ય સમુદાયો અને અનુસૂચિત જાતિઓ વચ્ચેની સામાજિક-આર્થિક અસમાનતાની સ્થિતિને દૂર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા

કરવામાં આવતા પ્રયત્નોને વધુ સુદ્દઢ બનાવવા માટે રાજ્યોની અનુસૂચિત જાતિ પેટા યોજનામાં એક ઉમેરણ તરીકે ભારત સરકારે વર્ષ ૧૯૮૦માં કેન્દ્ર પુરસ્કૃત યોજના "અનુસૂચિત જાતિઓ માટેની પેટા યોજનાને ખાસ કેન્દ્રિય સહાય" (SCA to SCSP) શરૂ કરવામાં આવી હતી.

ડ. આના પહેલા, અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવા સક્ષમ બનાવવા અને તેમને પ્રોત્સાહન આપી શકાય એ માટે ત્રીજી પંચવર્ષીય યોજના (૧૯૬૧-૬૬) થી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયના બાંધકામ માટેની યોજના, અને વર્ષ ૧૯૮૯-૯૦ થી અમલી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલયની આ યોજના બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના (BJRCY) ના નામથી અમલમાં આવી હતી. આ છાત્રાલયો દેશના ગ્રામીણ અને દૂર-સુદૂરના વિસ્તારોમાંથી આવતા અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ પુરવાર થઈ હતી.

ઇ. જો કે મોટા ભાગની અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓ અનુસૂચિત જાતિની મોટી વસ્તીવાળા વિસ્તારોના સંકલિત વિકાસ પર કેન્દ્રિત નહિ પણ વ્યક્તિગત લાભાર્થી કેન્દ્રિત હતી. આને પરિણામે અનુસૂચિત જાતિઓની મોટી વસ્તીવાળા વિસ્તારો, ખાસ કરીને ગામડાઓ, વિકાસના લાભોથી વંચિત રહી ગયા.તદ અનુસાર, અનુસૂચિત જાતિની મોટી વસ્તી ધરાવતા વિસ્તારો એટલે કે અનુસૂચિત જાતિની ૫૦% કરતા વધુ વસતી ધરાવતા ગામડાઓના સંકલિત વિકાસ માટે વિસ્તાર આધારિત વિકાસલક્ષી અભિગમને પ્રાધાન્ય આપવા માટે ભારત સરકારે ૨૦૦૯-૧૦ માં પ્રધાન મંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY) ના નામે નવી કેન્દ્ર પુરસ્કૃત યોજના શરૂ કરી હતી. ૨૦૧૪-૧૫ આ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો અને ૨૦૧૮-૧૯થી તે એક સતત ચાલતી યોજના તરીકે અમલમાં છે.

ફ. કેમ કે પ્રવર્તમાન "અનુસૂચિત જાતિઓ માટેની પેટા યોજનાને ખાસ કેન્દ્રિય સહાય" (SCA to SCSP) તેમજ BJRCY અને PMAGY યોજનાના હેતુઓ અને દરમિયાનગીરી એક સરખા સ્વરૂપ હોઈ તેમજ આ યોજનાઓનું મોટા ભાગનું અમલીકરણ એકસરખી અમલીકરણ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહેલ હોઈ જાહેર વિત્તના વધુ ફળદાયી વપરાશ અને સંસાધનોનો ઇષ્ટત્તમ ઉપયોગ કરવા માટે આ ત્રણેય યોજનાઓને ભેળવી દઈને વર્ષ ૨૦૨૧-૨૨ થી પ્રધાન મંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY) નામે એક નવી યોજના શરૂ કરવામાં આવી છે.

**૨. આ યોજનાના હેતુઓ:**

આ યોજનાના હેતુઓ છે:

અ. કૌશલ્ય વિકાસ, આવક ઉપાર્જન યોજનાઓ અને બીજી અન્ય પહેલ દ્વારા રોજગારીની વધારાની તકોનું નિર્માણ કરીને અનુસૂચિત જાતિ સમુદાયોમાં ગરીબીનું પ્રમાણ ઘટાડવું.

બ. અનુસૂચિત જાતિની મોટી વસતી ધરાવતા ગામોમાં પર્યાપ્ત માળખાકીય સુવિધાઓ અને આવશ્યક સેવાઓ સુનિશ્ચિત કરીને સામાજિક-આર્થિક વિકાસાત્મક નિર્દેશકો વધુ સુદૃઢ બનાવવા.

ક. અનુસૂચિત જાતિના લોકોમાં સાક્ષરતા પ્રમાણ વધારવું તેમજ અગ્રણી શિક્ષણ સંસ્થાનોમાં પર્યાપ્ત નિવાસીય સુવિધાઓ પ્રદાન કરીને તેમજ જરૂર જણાય ત્યાં ખાસ કરીને સુવિધા વંચિત / અનુસૂચિત જાતિની મોટી વસતી ધરાવતા તાલુકા અથવા બ્લોકમાં અને દેશમાં અન્યત્ર નિવાસી શાળાઓ  શાળાઓ અને ઉચ્ચ અભ્યાસની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના પ્રવેશને પ્રોત્સાહન આપવું.

**૩. યોજનાના ઘટકો:**

મુખ્યત્વે, આ યોજનામાં નીચે મુજબ ત્રણ ઘટકો છે:

અ. અનુસૂચિત જાતિની મોટી વસતી ધરાવતા ગામોને "આદર્શ ગ્રામ"માં વિકસિત કરવા (પ્રકરણ – ૨)

બ. અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટે જિલ્લા / રાજ્ય કક્ષાની યોજનાઓમાં અનુદાન આપવું, જેમાં આદર્શ ગ્રામ ઘટક હેઠળ પસંદ થયેલ ગામો સહિત અનુસૂચિત જાતિની મોટી વસતી ધરાવતા ગામોમાં માળખાકીય સુવિધાઓના નિર્માણ, છાત્રાલય / નિવાસી શાળાઓના બાંધકામ, તેમજ કૌશલ્ય વિકાસ, જરૂરી માળખાકીય સુવિધાઓ અને લાભાર્થી દ્વારા આજીવિકા ઉભી કરવા વગેરે અર્થે (પ્રકરણ – ૩) મિલકતના સંપાદન / નિર્માણ માટે લોન લેવામાં આવેલ હોય એવા કિસ્સામાં નાણાકીય સહાય સહિત સર્વગ્રાહી આજીવિકા યોજનાઓનો સમાવેશ થઈ શકે છે.

ક. ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) અનુસાર અગ્રણી રેન્ક ધરાવતા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનો તેમજ અન્ય કેન્દ્રિય સંસ્થાનો (જેમ કે CIPET, આ મંત્રાલય દ્વારા સંચાલિત સંસ્થાઓ વગેરે) અને રાજ્યની સંસ્થાઓ જે કેન્દ્ર / રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રો દ્વારા પૂર્ણત: કે આંશિક અનુદાન મેળવે છે, એવી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં છાત્રાલયોનું બાંધકામ. એ પ્રમાણે એવી શાળાઓમાં છાત્રાલયોનું બાંધકામ જે કેન્દ્ર / રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રો દ્વારા પૂર્ણત: કે આંશિક અનુદાન મેળવે છે અને તેમના દ્વારા ભલામણ કરવામાં આવેલ છે (પ્રકરણ – ૪).

ડ. યોજનાના વહીવટી વડા મારફતે યોજનાના અમલીકરણના મોનીટરિંગ અને મૂલ્યાંકન માટે નાણાકીય સહાય. યોજનાના "વહીવટી ખર્ચા" ના સદર તળે આપવામાં આવતા નાણાંનો ઉપયોગ નીચેના હેતુઓ માટે કરવાનો રહેશે:

૧. યોજના માટે ઉચિત કેન્દ્રિયકૃત સોફ્ટવેરનો વિકાસ જેમાં આ હેતુ માટે ટેકનિકલ સપોર્ટ ગૃપ (તકનીકિ સહાય જૂથ –TSG) સ્થાપિત કરવા માટેના ખર્ચનો સમાવેશ થાય છે.

૨. તકનીકિ સંસાધન સહાય માટે સંસ્થાઓને કામે રાખવા માટેનો ખર્ચ તેમજ માનવશક્તિ અને કેન્દ્ર / રાજ્ય / જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU) ચલાવવા માટેના અન્ય ખર્ચા.

૩. કમ્પ્યુટર / IT સુવિધા કેન્દ્રો સહિત TSG અને PIU માટે ઓફિસ સાધનોની જોગવાઈ,IEC પ્રવૃત્તિઓ, જરૂરિયાત આકલન તેમજ યોજનાઓના અમલીકરણ માટે જરૂરી અન્ય ખર્ચા જે યોજના માટે અનિવાર્ય છે.

૪. યોજના અમલીકરણના મૂલ્યાંકન સંબંધિત પ્રોજેક્ટ્સ હાથ ધરવા.

૫. યોજના અમલીકરણનું સામાજિક અન્વેષણ.

**૪. ઘટક વાર નાણાકીય ફાળવણી:**

કોઈ ચોક્કસ વર્ષમાં વાસ્તવિક જરૂરિયાતો અનુસાર "આદર્શ ગ્રામ" હેઠળ પસંદ થયેલ ગામોને નાણાં આપવા માટે પ્રાધાન્ય આપવામાં આવે છે, આમ છતાં PMAJAY યોજના હેઠળ નાણાકીય ફાળવણી તેના ઘટકો વચ્ચે નીચે મુજબ કરવામાં આવશે:

અ. **આદર્શ ગ્રામ:** આ યોજના હેઠળની કુલ ફાળવણીના ૫૦% સુધી પસંદ થયેલ ગામો માટે ઘટ-પૂરક પ્રવૃત્તિઓ માટે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાળવવામાં આવશે.

બ. **વહીવટી, મોનીટરિંગ અને મૂલ્યાંકન:** આ યોજના હેઠળની કુલ ફાળવણીના ૫% સુધી કેન્દ્રિય સ્તરે TSG અને PIU તેમજ રાજ્ય / જિલ્લા કક્ષાએ પ્રકલ્પ અમલીકરણ એકમ (PIU) ની સ્થાપના અને પરિચાલન માટે ફાળવવામાં આવશે.

ક. **છાત્રાલયોનું બાંધકામ / સમારકામ:** કુલ ફાળવણીના ૨% કેન્દ્રિય સંસ્થાનો માટે વાપરવાના રહેશે અને તે મંત્રાલય દ્વારા સીધા અમલીકરણ એજન્સીને ફાળવવામાં આવશે.

ડ. **રાજ્ય / જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ્સ માટે સહાયક અનુદાન:**આ યોજના હેઠળ ઉપલબ્ધ શેષ રકમ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને કામચલાઉ ધોરણે તેમના પ્રદેશોમાં અનુસૂચિત જાતિની વસતી (૫૦% વસતી) તેમજ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અનુસૂચિત જાતિની વસતી (૫૦% વસતી)ની તુલનાએ ખાસ ઘટક યોજના (જે હવે રાજ્ય SCSP તરીકે ઓળખાય છે) અને વાર્ષિક યોજનાના પ્રમાણને આધારે ફાળવવામાં આવશે.

ઉપરોક્ત ઘટક (બ) હેઠળ, ૧% નાણાકીય ફાળવણીનો ઉપયોગ કેન્દ્ર કક્ષાએ કરવાનો રહેશે અને બાકીની ૪% પ્રમાણસર રકમનો ઉપયોગ આ યોજના સંબંધિત ઘટક હેઠળ છૂટી કરવાની થતી કેન્દ્રિય સહાયને લાગું પડશે જે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને આપવામાં આવશે.

ઉપરોક્ત (બ) સિવાયના ઘટકમાં કોઈ રકમ શેષ રહે એવા સંજોગોમાં, ઉપર જણાવ્યું એમ, આવી રકમ આ યોજનાની ગાઇડલાઇન્સમાં નિર્ધારિત કરવામાં આવેલ શરતોની પરિપૂર્ણતાને આધિન આર્થિક રીતે પોષણક્ષમ દરખાસ્તો સામે અન્ય ઘટકો / અન્ય રાજ્યો વચ્ચે ફાળવવામાં આવશે.

**૫. નાણાકીય ફાળવણીની પેટર્ન:**

અ. આ યોજના હેઠળ ૧૦૦% નાણાકીય ફાળવણી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. જો કે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો ઈચ્છે તો તેમના પોતાના સંસાધનોમાંથી વધારાની રકમ આ યોજનાને ફાળવી શકશે.

બ. વધુમાં, રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશો / અમલીકરણ એજન્સીઓ પાસેથી પણ એ અપેક્ષિત છે કે અનુસૂચિત જાતિના ફાયદા માટે કેન્દ્ર / રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની અન્ય યોજનાઓ સાથે મહત્તમ એકીકરણ કરે.

ક. પ્રત્યેક ઘટક હેઠળ નાણાકીય સહાય માટેના ધારા-ધોરણો સંબંધિત પ્રકરણોમાં નિર્ધારિત કરવામાં આવેલ છે.

ડ. યોજના હેઠળ માળખાકીય પ્રોજેક્ટ પૂર્ણ થઈ ગયા પછી તેના નિભાવ અને પરિચાલનની જવાબદારી રાજ્ય સરકારો / અમલીકરણ એજન્સીઓ દ્વારા લેવામાં આવશે. આવા તમામ પ્રકારના પ્રોજેક્ટ્સની જાળવણી, નિભાવ અથવા પરિચાલન માટે રાજ્ય SCSP ફાળવણીમાં પર્યાપ્ત જોગવાઈ કરવાની રહેશે.

ઇ. 'વહીવટી અને અન્ય ખર્ચા' હેઠળના ૫% માંથી, ૧% સુધીની રકમનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે MIS પોર્ટલ વિકસાવવા સંબંધિત ખર્ચ,TSG અને PIU સ્થાપિત કરવા, સારી કામગીરી

કરતા જિલ્લાને પુરસ્કૃત કરવા, માળખાકીય સુવિધાઓ ઉભી કરવી, ક્ષેત્રિય મુલાકાતો લેવી, મીટિંગ્સ,IEC પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન અભ્યાસો, સામજિક અન્વેષણ, પ્રકાશન વગેરે હાથ ધરવા માટે કેન્દ્રિય કક્ષાએ કરવામાં આવશે.

ક. બાકીની ૪% રકમ રાજ્યો સરકારોને વાર્ષિક કાર્ય યોજના રજૂ કર્યેથી છૂટી કરવામાં આવશે. સંબંધિત રાજ્ય આ નાણાનો ઉપયોગ નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરી શકશે:

૧. માળખાકીય સુવિધાઓ, પગાર/વેતન વગેરે સહિત રાજ્ય / જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ એકમ (PIU) ને કાર્યરત કરવા સંબંધિત તમામ પ્રકારના ખર્ચા કરવા.

૨. જરૂરિયાત આકલન

૩. ક્ષમતા વર્ધન અને પ્રશિક્ષણ

૪. IEC પ્રવૃત્તિઓ

૫. મીટિંગ્સ, સેમિનાર, મુલાકાત, વિશેષ કાર્યક્રમો, કેમ્પ વગેરેના ખર્ચા

૬. સામાજિક અન્વેષણ

૭. યોજના અમલીકરણનું મૂલ્યાંકન

૮. શ્રેષ્ઠ કામગીરી કરતા ગામોને રાજ્ય કક્ષાના એવૉર્ડ્સ આપવા

ગ. રાજ્યોના અનુસૂચિત જાતિ નિગમોને વિવિધ વહીવટી ખર્ચાઓ માટે આર્થિક સહાય કરી શકાય એ માટે રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો તેમને ફાળવવામાં આવતા કુલ CA ના ૧% સુધી આ નિગમો દ્વારા યોજનાઓના અમલીકરણ માટે ફાજલ પાડેલ / ઉપયોગમાં લીધેલ દિવસો સામે ગ્રાહ્ય રાખવા પાત્ર ખર્ચના એક ભાગ સ્વરૂપે ભોગવી શકશે.

**૬. વાર્ષિક કાર્ય યોજના (Annual Action Plan – AAP)**

અ. પ્રત્યેક નાણાકીય વર્ષની શરૂઆત થાય એ પહેલા, રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રો આ યોજનાના સંબંધિત પ્રકરણમાં નિર્ધારિત કરેલ રીતે એક 'વાર્ષિક કાર્ય યોજના' તૈયાર કરી રજૂ કરશે. આ કાર્ય યોજનમાં આદર્શ ગ્રામ ઘટક, અને સહાયક અનુદાન ઘટક હેઠળ અલગ દરખાસ્તો રહેશે અને મંત્રાલયની વિચારણા અર્થે વહીવટી ખર્ચાનો ઉપયોગ કરવા માટેની યોજના પણ તેમાં સામેલ રહેશે.

બ. સહાયક અનુદાન ઘટક અંતર્ગત વાર્ષિક કાર્ય યોજના સ્થાનિક જરૂરિયાતો અને અગાઉ મંજૂર થયેલ અને PM-AJAY ના ઓનલાઇન પોર્ટલ *https://pmajay.dosje.gov.in* પર અપલોડ કરવામાં આવેલ પ્રોજેક્ટ્સની પ્રગતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવાની રહેશે. આદર્શ ગ્રામ ઘટક અને વહીવટી ખર્ચ ઘટક હેઠળ વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરી PMAJAY પોર્ટલ પર અપલોડ કરવાની રહેશે.

ક. *આદર્શ ગ્રામ ઘટક હેઠળ કાર્ય યોજના:* રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશની સરકાર દ્વારા યોજનાના અસરકારક અમલીકરણ માટે વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓની વિસ્તૃત કાર્ય યોજના વાર્ષિક કાર્ય યોજનામાં સ્પષ્ટપણે દર્શાવેલ હોવી જોઈએ. આ કાર્ય યોજનામાં નીચેની બાબતોનો સમાવેશ થશે:

૧. પસંદ થયેલ તમામ ગામોમાં ગ્રામ્ય કક્ષાની એકીકરણ સમિતિની રચનાથી શરૂ કરી ગ્રામ વિકાસ યોજના (VDP) તૈયાર કરવા, તેની નાણાકીય જરૂરિયાતોનું આકલન અને DL-PACC દ્વારા મંજૂર કરવા સુધીની દરેક પ્રવૃત્તિ પૂર્ણ કરવાની સ્પષ્ટ સમયસીમા;

૨. પસંદગી માટે આખરી કરવામાં આવનાર ગામોની સંખ્યા માટે ગ્રામ વિકાસ યોજના (VDP) તેમજ ગ્રામસભા અને DL-PACC દ્વારા મંજૂરી દર્શાવીને જે તે વર્ષ માટે અનુમાનિત નાણાકીય જરૂરિયાત;

૩. 'ઘટ-પૂરક' માટેના નાણાંમાંથી હાથ ધરવાના, શરૂ કરવાના અને પૂર્ણ કરવાના કાર્યોની ઓળખ કરવી;

૪. વર્ષ દરમિયાન 'આદર્શ ગ્રામ' તરીકે જાહેર કરવાના ગામોની સંખ્યા અને એ માટેની સમયસૂચિ / સમયસીમા;

૫. વણવપરાયેલ નાણાની સ્થિતિ અને સ્પષ્ટ સમયસીમા સાથે તેના વપરાશ માટેની યોજના;

૬. આ અગાઉ છૂટા કરવામાં આવેલ રકમના સંદર્ભમાં જરૂરી યુટિલાઇઝેશન સર્ટિફિકેટ (UC) રજૂ કરવું;

ડ. *અનુદાન ઘટક હેઠળ કાર્ય યોજના:* આ કાર્ય યોજનામાં ક્રમિક અગ્રતા સાથે જિલ્લા કક્ષાના પ્રોજેક્ટ્સ તેમજ રાજ્ય કક્ષાના પ્રોજેક્ટ્સનો સમાવેશ થશે. જિલ્લા કક્ષાના પ્રોજેક્ટ્સ વિવિધ આવક ઉપાર્જન,કૌશલ્ય વિકાસ અને રાજ્ય SCSP સાથે એકકરણ કરીને હાથ ધરવાના માળખાકીય વિકાસ કાર્યક્રમો દર્શાવીને સ્થાનિક જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવશે. લાભો બેવડાય

નહિ એ માટે માત્ર એવી પ્રવૃત્તિઓ જ રાજ્ય / જિલ્લા કક્ષાના પ્રોજેક્ટનો ભાગ બનશે જે રાજ્ય SCSP ની અન્ય કોઈ છત્ર હેઠળ નાણા પ્રાપ્ય નથી.આ યોજનાના ઓનલાઇન પોર્ટલ પર અનુદાન ઘટક હેઠળ વાર્ષિક કાર્ય યોજનાનું પત્રક કામચલાઉ છે. વાર્ષિક કાર્ય યોજના તૈયાર કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ:

૧. પ્રોજેક્ટ ઘડતર માટે વિકેન્દ્રિય આયોજન વધુ ઈચ્છવા યોગ્ય હોઈ શકે છે. સૂચિત પ્રોજેક્ટ્સ સંપૂર્ણપણે પરિવર્તનશીલ કે લવચીક અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ હેતુ-વિશેષ રહેશે, જેમાં અનુસૂચિત જાતિઓના સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધાર લાવવાની ભરપૂર તકો રહેલી હોવી જોઇએ.

૨. ફક્ત એવા પરિણામદાયક અને નવીનત્તમ પ્રોજેક્ટ્સ જ હાથ પર લેવા જોઈએ જે લાભાર્થીઓને સીધો લાભ આપવા માટેની સાનુકૂળ પરિસ્થિતિ સર્જી શકે એમ હોય અને જે રાજ્ય / કેન્દ્ર સરકારની બીજી કોઈ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ ન હોય. આ યોજના હેઠળ હાથ ધરી શકાય એવા વિવિધ પ્રકારના પ્રોજેક્ટ્સની એક સૂચક યાદી અમલીકરણ એજન્સીઓ માટેની માર્ગદર્શિકામાં પરશિષ્ટ – ૧ તરીકે સામેલ રાખેલ છે.

૩. છાત્રાલયોના બાંધકામ માટે અનુદાન એ વાર્ષિક કાર્ય યોજનાનો ભાગ રહેશે નહિ અને એ માટે PM-AJAY પોર્ટલ મારફતે અલગથી એક દરખાસ્ત રજૂ કરવાની રહેશે.આ હેતુ માટે નાણાની જોગવાઈ આ યોજનાના સહાયક અનુદાન ઘટક હેઠળ ફાળવેલ રકમમાંથી કરવાની રહેશે.

૪. જિલ્લા કક્ષાના પ્રોજેક્ટ્સને પસંદગીમાં અગ્રતા આપવાની રહેશે, તો રાજ્ય કક્ષાના પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને સીધો લાભ આપવાનો રહેશે.

૫. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન જિલ્લા કક્ષાની પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (DL-PACC) દ્વારા કરવામાં આવશે જે અગ્રતાક્રમ અનુસાર રાજ્ય કક્ષાની પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (SL-PACC)ને તેની ભલામણ કરશે.અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના અગ્રસચિવના વડપણ હેઠળની SL-PACC જિલ્લા દ્વારા રજૂ કરવામાં આવેલ તેમજ રાજ્ય કક્ષાએ તૈયાર કરવામાં આવેલ દરખાસ્તોનું મૂલ્યાંકન કરી તેને AAP માં સમાવવા માટે અગ્રિમતા આપશે.

૬. અમુક પ્રોજેક્ટ્સમાં અનુમાનિત નાણાકીય ફાળવણી ઓછી જણાતી હોવાથી આવા પ્રોજેક્ટ્સ PAC દ્વારા નામંજૂર કરવામાં આવે છે, આમ ન થાય એ માટે વાર્ષિક કાર્ય યોજનામાં નાણાકીય ફાળવણી રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની અનુમાનિત નાણાકીય ફાળવણીના ૧.૫ થી ૨ ગણી હોવી જોઈએ. વાર્ષિક કાર્ય યોજનામાં વધારે ફાળવણીની જોગવાઈ કરવાથી જો કોઈ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ જરૂરી યુટિલાઇઝેશન સર્ટિફિકેટ (નાણા વપરાશ પ્રમાણપત્ર), વાર્ષિક કાર્ય યોજના અથવા નિર્ધારિત સમય મર્યાદામાં નિયત અહેવાલ રજૂ ન કરી શકવાથી તેમના ભાગના નાણાં મેળવી શકતા નથી એવા સંજોગોમાં એ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને વધારાની નાણાકીય ફાળવણી મેળવવામાં સહાયતા રહેશે.

૭. PAC દ્વારા પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશની અગત્યતા અનુસાર થઈ શકે એ માટે તેમજ નાણાકીય જરૂરિયાતના અનુમાનને અનુરૂપ નાણાકીય ફાળવણી કરી શકાય એ માટે વાર્ષિક કાર્ય યોજનામાં સમાવવામાં આવેલ પ્રોજેક્ટ્સને SL-PACC દ્વારા અગ્રતાક્રમ આપવો જોઈએ.

ઇ. *વહીવટી સદર હેઠળ કાર્ય યોજના*: 'વહીવટી, મોનિટરીંગ અને મૂલ્યાંકન' સદર હેઠળના નાણાંની માગણી પણ પ્રોજેક્ટ્સ સ્વરૂપમાં કરવાની રહેશે અને તેને સંબંધિત વાર્ષિક કાર્ય યોજનાનો ભાગ ગણવાનો રહેશે.

**૭. રાજ્ય વાર્ષિક કાર્ય યોજનાના મૂલ્યાંકન અને મંજૂરીની કાર્યવાહી:**

વાર્ષિક કાર્ય યોજનાનું મૂલ્યાંકન અને મંજૂરી આપવાની કાર્યવાહી આ હેતુ અર્થેના મંત્રાલયમાં રચવામાં આવેલ પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC) દ્વારા કરવામાં આવશે.

**૮. રાજ્યોને રકમ છૂટી કરવી:**

આ યોજના હેઠળ છૂટી કરવાની રકમ નીચેના ધારા-ધોરણોને અનુસાર નિયંત્રિત થશે:

અ. નાણાકીય વર્ષ શરૂ થાય એ પહેલા આ મંત્રાલય ઉપલબ્ધ નાણાને આધારે આદર્શ ગ્રામ ઘટક હેઠળ નવા ગામોને પસંદ કરવા અંગે જાણ કરશે. પસંદ થયેલ ગામો માટે પહેલો હપ્તો ફક્ત વહીવટી ખર્ચ માટે રહેશે અને તે રકમ ભારત સરકારના નાણા મંત્રાલય હેઠળના ખર્ચ વિભાગના રકમ છૂટી કરવા માટેની નિયત શરતોનું પાલન કર્યા પછી નાણાકીય વર્ષની શરૂઆતમાં છૂટી કરવામાં આવશે.

બ. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારને 'સહાયક અનુદાન' ઘટક હેઠળ અનુમાનિત રકમની ફાળવણી અંગેની જાણ પણ જે તે નાણાકીય વર્ષ શરૂ થાય એ પહેલા કરી દેવામાં આવશે. વહીવટી સદર હેઠળના નાણાં આદર્શ ગ્રામ હેઠળના ગામોને મળવાપાત્ર રકમ તેમજ કેન્દ્રિય સ્તરે DoSJEની અનુમાનિત જરૂરિયાતો બાદ કર્યા પછી પ્રકરણ – ૩ માં 'સહાયક અનુદાન ઘટક માટે નાણાકીય ફાળવણીના નિયત કરવામાં આવેલ ધારા-ધોરણો અનુસાર ફાળવવામાં આવશે.

ક. ભારત સરકારના નાણા મંત્રાલય હેઠળના ખર્ચ વિભાગના રકમ છૂટી કરવા માટેની નિયત શરતોનું પાલન કર્યા પછી પ્રકરણ – ૩ માં નિયત કરવામાં આવેલ શરતો અને રકમ અનુસાર ભારત સરકાર જે તે નાણાકીય વર્ષના પ્રારંભે સહાયક અનુદાન ઘટક અને વહીવટી ખર્ચ હેઠળ પ્રથમ હપ્તાની રકમ છૂટી કરશે.

ડ. રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર તેમજ રાજ્યોની યુનિવર્સિટી અથવા સંસ્થાનો દ્વારા છાત્રાલયના બાંધકામ માટે કેન્દ્રિય સહાયનો પ્રથમ હપ્તો નિર્ધારિત પોર્ટલ મારફતે દરખાસ્ત મળ્યા પછી અને તેને મંજૂરી મળ્યા બાદ સંબંધિત રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારને ચૂકવવામાં આવશે.

ઇ. તમામ ઘટકો હેઠળ બીજા હપ્તાની રકમ સંબંધિત પ્રકરણમાં નિયત કરવામાં આવેલ શરતો અનુસાર રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારને ચૂકવવામાં આવશે.

ફ. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોએ યોજનાના અમલીકરણની પ્રગતિની વિગતો સેન્ટ્રલ વેબ-પોર્ટલમાં અદ્યતન કરવાની રહેશે અને પહેલાથી પસંદ કરાયેલ ગામો અને મંજૂર થયેલ પ્રોજેક્ટ્સ માટે નાણાકીય વર્ષ દરમિયાન ઉપલબ્ધ નાણાંની સાથે વણવપરાયેલ નાણાંની વિગતો પણ રજૂ કરવી પડશે. રાજ્યોએ છેલ્લા ત્રણ વર્ષ તેમજ ચાલું વર્ષ માટે અમલીકરણની સ્થિતિ,BE, RE તેમજ દરેક ઘટક હેઠળ ખર્ચની વિગતો અલગથી રજૂ કરવી આવશ્યક છે. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોએ તેમના AWSC / SCSP ની આંકડાકીય માહિતી અને નિયત નમૂનામાં જરૂરી યુટિલાઇઝેશન સર્ટિફિકેટ્સ પણ રજૂ કરવા જરૂરી છે.

**૯. રાજ્યો દ્વારા નાણાં છૂટા કરવા:**

અ. આ યોજના હેઠળ રાજ્ય દ્વારા જિલ્લા વહીવટીતંત્ર અને રાજ્ય / જિલ્લા કક્ષાએ અન્ય અમલીકરણ એજન્સીઓને નાણાકીય ચૂકવણી જે તે ઘટક માટેના સંબંધિત પ્રકરણ અને પ્રકરણ – ૬ માં નિયત કરવામાં આવેલ પદ્ધતિ અનુસાર તેમજ ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા વખતોવખત આખરી કર્યા મુજબ કરવાની રહેશે.

બ. નાણાં ચૂકવવામાં આવે એ પહેલા, જિલ્લા અને અન્ય અમલીકરણ એજન્સીઓએ પ્રગતિની વિગતો સેન્ટ્રલ વેબ-પોર્ટલમાં અદ્યતન કરવાની રહેશે તેમજ મંજૂર થયેલ પ્રોજેક્ટ્સ માટે નાણાકીય વર્ષ દરમિયાન હાથ ધરવાની પ્રવૃત્તિઓ માટે નાણાની જરૂરિયાતો સાથે વણવપરાયેલ નાણાંની વિગતો રજૂ કરવાની રહેશે.

ક. આદર્શ ગ્રામ ઘટક હેઠળ, રાજ્ય સરકાર ૧લો હપ્તો એટલે વહીવટી ખર્ચની રકમ વર્ષના પ્રારંભે ચૂકવશે જેથી કરીને જિલ્લા / ગામો દ્વારા જરૂરિયાત આકલન અને VDP તૈયારીની પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય. DL – PACC દ્વારા મંજૂરી મળ્યા પછી, અમલીકરણ એજન્સીઓને ઘટ-પૂરક પ્રવૃત્તિઓ માટેના નાણાં એકી વખતે ચૂકવી દઈ શકાશે જેથી કરીને તેઓ કામગીરીમાં વિલંબને ટાળી શકે અને ઉપલબ્ધ સંસાધનોનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકે.

**૧૦. સેન્ટ્રલ યુનિવર્સિટી અથવા સંસ્થાનોમાં છાત્રાલય માટેના નાણાંને મંજૂરી આપવાની અને ચૂકવવાણી કાર્યવાહી:**

સેન્ટ્રલ યુનિવર્સિટી અથવા સંસ્થાનોએ તેમની દરખાસ્તો યોજનાના પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે. પોર્ટલ પર દરખાસ્ત સબમિટ કર્યા પછી, તેઓ તેમની દરખાસ્તની પ્રિન્ટ લેશે અને જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેઓ તે દરખાસ્ત સંબંધિત વહીવટી કેન્દ્રિય મંત્રાલય મારફતે રજૂ કરશે. પ્રકરણ – ૪ માં નિયત કર્યા અનુસાર આ માટેના નાણાં સીધા સંબંધિત યુનિવર્સિટી અથવા સંસ્થાને ચૂકવવામાં આવશે.

## પ્રકરણ – ૨

## અનુસૂચિત જાતિ (SC)ની વધુ વસ્તી ધરાવતા ગામોને આદર્શ ગ્રામમાં વિકસાવવા

### ૧. 'આદર્શ ગ્રામ'ની પરિકલ્પના:

'આદર્શ ગ્રામ' એ છે જ્યાં લોકોને તેમની વિવિધ પ્રાથમિક સેવાઓ સુગમ રીતે પ્રાપ્ય થઈ શકતી હોય જેથી કરીને સમાજના તમામ વર્ગોની લઘુત્તમ જરૂરિયાતો સંપૂર્ણ પણે સંતોષાઈ શકે અને સમુદાય-સમુદાય વચ્ચેની અસમાનતા શક્યત: નાબૂદ થઈ જાય. આ ગામોમાં એવી તમામ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હશે અને તેના રહીશોને એવી તમામ પ્રાથમિક સેવાઓ સુગમતાથી ઉપલબ્ધ હશે જે ગૌરવપૂર્ણ જીવન જીવવા તેમના માટે જરૂરી છે, એનાથી એક એવા વાતાવરણનું નિર્માણ થશે જેમાં દરેક વ્યક્તિ પોતાની પૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવા સમર્થ બની શકશે.

### ૨. વિકાસ સૂચકો:

અ. આ ઘટક હેઠળ વિકાસ સૂચકો એવી રીતે પસંદ કરવામાં આવ્યા છે જેનાથી અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોમાં નીચેના દ્વારા સંકલિત વિકાસ સુનિશ્ચિત કરી શકાશે:

૧. **પર્યાપ્ત માળખાકીય સુવિધા:** સામાજિક-આર્થિક વિકાસ માટે જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ પ્રદાન કરવામાં આવે છે.

૨. **સામાજિક-આર્થિક સૂચકોમાં સુધાર:**નિરીક્ષણ કરી શકાય એવા સૂચકો તરીકે ઓળખાતા નિશ્ચિત સામાજિક-આર્થિક સૂચકો પરિપૂર્ણ કરવામાં આવે છે જેનાથી અનુસૂચિત જાતિ અને એ સિવાયના સમુદાયો વચ્ચેની અસમાનતા નાબૂદ થાય છે.

બ. અનુસૂચિત જાતિ બહુલ ગામોમાં સમરૂપ વિકાસ સુનિશ્ચિત કરી શકાય એ માટે પસંદ થયેલ ગામોમાં વિવિધ ક્ષેત્રો હેઠળ પસંદ કરાયેલ સામાજિક-આર્થિક વિકાસ સૂચકો પરિપૂર્ણ કરવામાં આવે છે. હાલમાં,વિવિધ ૧૦ કાર્ય વિસ્તારો હેઠળ નિરીક્ષણજન્ય એવા ૫૦ સામાજિક-આર્થિક વિકાસ સૂચકો ઓળખી કાઢવામાં / પસંદ કરવામાં આવેલ છે. આ ૧૦ કાર્યક્ષેત્રો નીચે મુજબ છે:

૧. પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા વિષયક પ્રવૃત્તિઓ

૨. શિક્ષણ

૩. આરોગ્ય અને પોષણ

૪. સામાજિક સુરક્ષા

૫. ગ્રામીણ સડક-રસ્તા અને આવાસ નિર્માણ

૬. વીજળી અને નિર્ધુમ બળતણ / ઈંધણ

૭. ખેત પ્રણાલિઓ વગેરે.

૮. નાણાકીય સમાવેશન

૯. ડિજિટાઈઝેશન

૧૦. આજીવિકા અને કૌશલ્ય વિકાસ

ક. નિરીક્ષણજન્ય ૫૦ સામાજિક-આર્થિક સૂચકો તે માટેના માનદંડ અને સ્કોરીંગ પેટર્નની વિગતો નીચે મુજબ છે:

| **અનુ. નં.** | **કાર્ય વિસ્તાર / નિરીક્ષણજન્ય સૂચકોની વિગતો** | **માનદંડ** | **સ્કોરીંગ સિસ્ટમ (ગુણાંક)** |
|---|---|---|---|
| **૧.** | **પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા વિષયક પ્રવૃત્તિઓ** | | |
| ૧.૧ | ગામની વસતીને આવરી લેતા પીવાના પાણીના પર્યાપ્ત અને ટકાઉ જળ સંસાધનો ઉપલબ્ધ છે કે કેમ? (હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| ૧.૨ | પીવાનું શુદ્ધ પાણી મળી રહેતું હોય એવા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૧.૩ | ઘરમાં પારિવારીક શૌચાલયો ધરાવતા ઘરો (IHHLs) ની % | હા<br>ના | ૨<br>૦ |
| ૧.૪ | શું ગામની બધી શાળાઓ અને આંગણવાડીમાં શૌચાલયોની સુવિધા આપવામાં આવેલ છે? (હા / ના) | હા = ૧૦૦%<br>ના = 0% | ૨<br>૦ |
| ૧.૫ | શું ગામમાં લોકો હજુ પણ ખુલ્લામાં શૌચ ક્રિયા કરે છે? (હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| ૧.૬ | તમામ આંતરિક રોડને સમાંતર ઉપલબ્ધ ગટર / ખાળનીકની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૧.૭ | હાલમાં ચાલું કે કાર્યરત ગટર / ખાળનીકની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |

| | | | |
|---|---|---|---|
| ૧.૮ | ઘન અને પ્રવાહી કચરાના નિકાલની અસરકારક અને ઉપયોગી વ્યવસ્થાની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| **૨** | **શિક્ષણ** | | |
| ૨.૧ | પ્રાથમિક શાળાએ જતા બાળકો (૬ – ૧૦ વર્ષના) ની %, છોકરાઓ અને છોકરીઓ બંને | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૨.૨ | ઉચ્ચ પ્રાથમિક શાળાએ જતા બાળકો (૧૧ – ૧૩ વર્ષના) ની %, છોકરાઓ અને છોકરીઓ બંને | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૨.૩ | માધ્યમિક શાળાએ જતા બાળકો (૧૪ – ૧૫ વર્ષના) ની %, છોકરાઓ અને છોકરીઓ બંને | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૨.૪ | ઉચ્ચ માધ્યમિક શાળાએ જતા બાળકો (૧૬ – ૧૭ વર્ષના) ની %, છોકરાઓ અને છોકરીઓ બંને | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૨.૫ | ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં જતા બાળકો (૧૮ – ૨૩ વર્ષના) ની %, છોકરાઓ અને છોકરીઓ બંને | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૨.૬ | પૂર્વ-મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવતા અનુસૂચિત જાતિ (SC)ના બાળકોની % (જેઓ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે અને પાત્રતા ધરાવે છે એ પૈકી) | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૨.૭ | પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવતા અનુસૂચિત જાતિ (SC)ના બાળકોની % (જેઓ મેટ્રિક પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી રહ્યા છે અને પાત્રતા ધરાવે છે એ પૈકી) | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| **૩.** | **આરોગ્ય અને પોષણ** | | |
| ૩.૧ | કોઈપણ આરોગ્ય સુરક્ષા યોજના હેઠળ આવરી લેવાયેલ પાત્રતા ધરાવતા ઘરોની % | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૩.૨ | શું ફોન કરવા પર સંકટકાલિન એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ છે? | હા<br>ના | ૨<br>૦ |
| ૩.૩ | ગંભીર રીતે એનેમિયા પીડિત સગર્ભા મહિલાઓની % | ૦%<br>>૦% | ૨<br>૦ |
| ૩.૪ | છેલ્લા એક વર્ષ દરમિયાન ગામમાં મહિલાઓએ દવાખાના / હોસ્પિટલમાં કરાવેલ પ્રસુતિ (ડિલિવરી)ની % | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૩.૫ | છેલ્લા એક વર્ષ દરમિયાન ઓછું વજન ધરાવતા બાળકોના જન્મની % | ૦%<br>>૦% | ૨<br>૦ |

| | | | |
|---|---|---|---|
| ૩.૬ | બધી રસી આપવામાં આવી હોય એવા બાળકોની % (૧ વર્ષથી ઓછી વયના) | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૩.૭ | ગામમાં ઓછું વજન ધરાવતા બાળકો (૦ થી ૫ વર્ષ) ની % | ૦%<br>>૦% | ૨<br>૦ |
| ૩.૮ | છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલી સગર્ભા મહિલાઓ મૃત્યુ પામી? | શૂન્ય<br>>૦ | ૨<br>૦ |
| ૩.૯ | છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલા બાળકો (૧ વર્ષથી ઓછી વયના) મૃત્યુ પામ્યા? | શૂન્ય<br>>૦ | ૨<br>૦ |
| ૩.૧૦ | આરોગ્ય ખાતાના નિયમો અનુસાર સારવાર લઈ રહેલ વાહકજન્ય રોગોથી પીડિત વ્યક્તિઓની % | ૧૦૦%<br><૧૦૦% | ૨<br>૦ |
| ૩.૧૧ | શું બધી આંગણવાડીઓ પાકું બાંધકામ કરેલ છે? (હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| **૪** | **સામાજિક સુરક્ષા** | | |
| ૪.૧ | વિધવા પેન્શન આપવામાં આવતું હોય એવી પાત્રતા ધરાવતી સ્ત્રીઓની % | ૧૦૦%<br>૦ % | ૨<br>૦ |
| ૪.૨ | વૃદ્ધાવસ્થા પેન્શન આપવામાં આવતું હોય એવી પાત્રતા ધરાવતી વ્યક્તિઓની % | ૧૦૦%<br>૦ % | ૨<br>૦ |
| ૪.૩ | વિકલાંગતા પેન્શન આપવામાં આવતું હોય એવી પાત્રતા ધરાવતી વ્યક્તિઓની % | ૧૦૦%<br>૦ % | ૨<br>૦ |
| **૫** | **ગ્રામીણ સડક-રસ્તા અને આવાસ નિર્માણ** | | |
| ૫.૧ | શું આ ગામમાં બારેમાસ ઉપયોગ કરી શકાય એવી સડકો પરથી આવ-જા કરી શકાય છે ? (હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| ૫.૨ | સિમેન્ટ-કોંક્રિટ / બ્રિક ટોપ / પાકા / પથ્થરોની બનેલ આંતરિક રોડની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૫.૩ | કાચા / અસલામત ઘરોમાં વસતા પરિવારોની % | ૧૦૦%<br>૦ % | ૨<br>૦ |
| **૬** | **વીજ સુવિધા (ઇલેક્ટ્રિસિટી) અને નિર્ધુમ બળતણ / ઈંધણ** | | |
| ૬.૧ | શું ગામમાં દરેક ઘરોમાં લાઇટની સુવિધા છે?<br>(હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| ૬.૨ | વીજ જોડાણ ધરાવતા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |

| | | | |
|---|---|---|---|
| ૬.3 | ઓછામાં ઓછો ૧ LED બલ્બનો ઉપયોગ કરતા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૬.૪ | ગેસ કનેક્શન ધરાવતા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૬.૫ | સ્ટ્રીટ લાઈટ ધરાવતા આંતરિક રસ્તાઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| **૭.** | **ખેત પ્રણાલિઓ વગેરે.** | | |
| ૭.૧ | સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ હોય એવા ખેડૂતોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૭.૨ | અપનાવેલ સજીવ (સેન્દ્રિય) ખેત પદ્ધતિનું પ્રમાણ (% માં) | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૭.3 | અપનાવેલ જળસ્રાવ સંચાલન (વોટરશેડ મેનેજમેન્ટ) પદ્ધતિઓનું પ્રમાણ (% માં) | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૮. | નાણાકીય સમાવેશન | | |
| ૮.૧ | આધાર ઓળખ પત્ર ધરાવતી ગ્રામીણ વસતીની % | >૯૮%<br>૦ – ૯૮% | ૨<br>૦ |
| ૮.૨ | બેંક / પોસ્ટ ઓફિસમાં બચત ખાતું ધરાવતા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૮.3 | પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ પાત્રતા ધરાવતી વ્યક્તિઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૮.૪ | પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ આવરી લેવાયેલ પાત્રતા ધરાવતી વ્યક્તિઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| **૯** | **ડિજિટાઈઝેશન** | | |
| ૯.૧ | શું ગામમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીની સુવિધા પ્રાપ્ય છે ? (હા | હા | ૨ |

| | | | |
|---|---|---|---|
| | / ના) | ના | ૦ |
| ૯.૨ | શું ગામમાં કોમન સર્વિસ સેન્ટર અથવા સયબર કાફેની સુવિધા પ્રાપ્ય છે ? (હા / ના) | હા<br>ના | ૨<br>૦ |
| ૯.૩ | જેઓ ડિજિટલ જાણકારી ધરાવે છે એવી વ્યક્તિઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| **૧૦** | **આજીવિકા અને કૌશલ્ય વિકાસ** | | |
| ૧૦.૧ | કૌશલ્ય વિકાસની તાલીમ મેળવી રહેલ પાત્રતા ધરાવતા યુવાઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૧૦.૨ | જેઓ બેંક સાથે સંકળાયેલ લોન મેળવી શકે છે એવા પાત્રતા ધરાવતા યુવાઓની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| ૧૦.૩ | પરિવારની ઓછામાં ઓછી એક વ્યક્તિ સ્વ-સહાય જૂથની સભ્ય હોય એવા ઘરોની % | >૭૫%<br>૫૦-૭૫%<br><૫૦% | ૨<br>૧<br>૦ |
| **મહત્તમ ગુણાંક** | | | **૧૦૦** |

ડ. બેઝલાઇન ડેટા એકત્ર કરતી વખતે, પ્રગતિનું નિરીક્ષણ કરતી વખતે અને પસંદ થયેલ ગામોને **'આદર્શ ગ્રામ'** જાહેર કરતી વખતે આ નિરીક્ષણજન્ય વિકાસ સૂચકો ધ્યાનમાં લેવામાં આવશે. બે (૨) ગુણાંક મેળવી શકાય એ માટે આમાંનો દરેક નિરીક્ષણજન્ય સૂચક સીમાચિહ્નથી ઉપર રહે એ અપેક્ષિત છે. આ રીતે, એક ગામ વધુમાં વધુ ૧૦૦ ગુણાંક પ્રાપ્ત કરી શકશે.

ઇ. <u>કોઈ ગામને આદર્શ ગ્રામ તરીકે જાહેર કરવાના માનદંડ</u>: સંબંધિત ગામની ગ્રામ વિકાસ યોજના (VDP) માં જોવા મળતી તમામ ત્રૂટિઓને પરિપૂર્ણ કરવા VLCC અને DL – PACC દ્વારા તમામ પ્રયત્નો કરવામાં આવશે. વ્યક્તિગત અને પારિવારીક જરૂરિયાતો સંતોષવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવશે અને ગામની માળખાકીય સુવિધાઓમાં કોઈ ગંભીર ક્ષતિ જોવા મળશે તો એને ઠીક કરવા માટે યોજના હેઠળ ફાળવવામાં આવેલ ઘટ-પૂરક નાણાંનો ન્યાયોચિત ઉપયોગ કરવામાં આવશે અને અન્ય યોજનાઓ સાથેના એકીકરણમાં આવી મોટા ભાગની જરૂરિયાતોને અમલીકરણમાં અગ્રતા આપવાની રહેશે. જ્યાં સુધી તમામ જરૂરિયાતો સંતોષાઈ ન જાય ત્યાં સુધી ત્રૂટિઓને પરિપૂર્ણ કરવાની કાર્યવાહી ચાલું રહેશે, એ દરમિયાન આ ગામોનો ગુણાંક ૭૦ થી ઉપર જાય અને જેવા તેને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર કરવામાં આવે કે તરત DL – PACC

આ પસંદ થયેલ ગામોને આદર્શ ગ્રામ તરીકે જાહેર કરવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારને રજૂ કરશે. રાજ્ય સરકાર ત્યારબાદ જિલ્લા વહીવટીતંત્રના આ દાવાની સમીક્ષા કરશે અને દાવાથી સંતોષ થયે આ ગામોને 'આદર્શ ગ્રામ' તરીકે જાહેર કરશે.

**૩. અભિગમ અને વ્યૂહરચના:**

અ. પસંદગી પામેલ ગામોનો સંકલિત વિકાસ સામાન્ય રીતે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારની વર્તમાન યોજનાઓના અમલીકરણ મારફતે એકીકરણની રીતે હાંસલ કરવામાં આવશે,અને એ રીતે તેનાથી ગુણવત્તાસભર સેવાઓ તેમજ માળખાકીય વિકાસ સુનિશ્ચિત કરી શકાશે. ઘટ-પૂરક પ્રવૃત્તિઓ માટેના નાણાં માળખાકીય વિકાસની જરૂરિયાતો માટે ફાળવવામાં આવે છે જે એકીકરણ વખતે આગળના વર્ષમાં લઈ જઈ શકાશે નહીં. પસંદ થયેલ ગામોમાં એ અપેક્ષિત છે કે ઘટ-પૂરક પ્રવૃત્તિઓ માટેની રકમની ઓછામાં ઓછા ત્રણથી ચાર ગણી રકમનું એકીકરણ કેન્દ્ર / રાજ્ય સરકારની હાલની યોજનાઓમાંથી અથવા રાજ્ય સરકારની સમાન હેતુ માટેની ગ્રાંટમાંથી કરવાનું સુનિશ્ચિત કરવામાં આવે.

બ. સામાન્ય રીતે, જુદા જુદા પરિબળો દા.ત. યોજનાનો અમલ કરવાની રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારની ઈચ્છા, નાણાંની ઉપલબ્ધતા, યુટિલાઈઝેશન સર્ટિફિકેટની સ્થિતિ, વણવપરાયેલ શેષ રકમ વગેરેને આધારે દર વર્ષે અમુક ચોક્કસ સંખ્યામાં અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોને સંકલિત વિકાસ માટે ધ્યાનમાં લેવામાં આવશે. <u>પસંદ થયેલ ગામોમાં "ઘટ-પૂરક" ઘટક હેઠળ છૂટી કરવામાં આવતી રકમનો ઉપયોગ રકમ છૂટી કર્યાની તારીખથી **બે (૦૨)** વર્ષના સમયગાળાની અંદર કરવાનો રહેશે. જો કે, સામાજિક-આર્થિક સૂચકોની સુધારણા માટેના પ્રયત્નોને ચાલું રાખવા બીજા **ત્રણ (03)** માટે એકીકરણ અમલીકરણનું મોનિટરીંગ કરવામાં આવશે. આ રીતે,PMAJAY યોજના હેઠળ છૂટી કરવામાં આવેલ રકમનો ઉપયોગ રકમ છૂટી કર્યાની તારીખથી **બે (૦૨)** વર્ષના સમયગાળાની અંદર થાય છે, આમ છતાં નિરીક્ષણજન્ય સૂચકોની સમીક્ષા કુલ **પાંચ (૦૫)** વર્ષના સમયગાળાની અંદર કરવામાં આવશે.</u>

ક. પસંદ થયેલ ગામોએ યોજનાના અમલીકરણ પછી કોઈ ચોક્કસ વર્ષમાં વિકાસના કોઈ એક નિશ્ચિત માપદંડ સુધી પહોંચી જાય તેમ છતાં તેઓ એ દિશામાં આગળ કામગીરી ચાલું રાખી શકશે અને આમ આગામી વર્ષોમાં વિવિધ પ્રકારના અન્ય ધ્યેયો માટે યોજના હેઠળ વધુ નાણાં મેળવવા આ ગામોનો ફરીથી સમાવેશ થઈ શકે છે,એ શરતે કે તે સફળતાપૂર્વક ગ્રામ વિકાસ યોજના (VDP) નો અમલ કરી રહેલ છે અને પાંચ વર્ષનો સમયગાળો પસાર કર્યો છે.

ડ. એકીકરણ એ સંકલિત વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, તેથી ગ્રામ્ય, જિલ્લા અને રાજ્ય કક્ષાએ બનાવવામાં આવેલ સમિતિઓએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે પસંદ કરાયેલ ગામોમાં આનો અમલ કરવામાં આવે.

**૪. આદર્શ ગ્રામના ઘટકો:** આ ઘટકના બે ભાગો નીચે મુજબ છે:

અ. *યોજનાઓનું એકીકરણ:* પર્યાપ્ત માળખાકીય સુવિધા પૂરી પાડવી અને સામાજિક-આર્થિક સૂચકોમાં સુધાર લાવવાનો બેવડો ઉદ્દેશ યોજનાઓના એકીકરણ દ્વારા જ સિદ્ધ કરી શકાશે. બેઝલાઈન ડેટા અને એ સંદર્ભમાં નિરીક્ષણજન્ય સૂચકો પરથી ગામોમાં વર્તાઈ આવતી વિકાસની ખોટ કે ત્રૂટિ એ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની પ્રવર્તમાન વિવિધ યોજનાઓ વચ્ચેના એકીકરણનો આધાર બનશે.

બ. *'ઘટ-પૂરક'*: પસંદ કરાયેલ ગામોમાં જરૂરિયાત આકલનને પગલે કેન્દ્ર / રાજ્ય સરકારની પ્રવર્તમાન કોઈપણ યોજનાઓ હેઠળ ઓળખી કઢાયેલ વણસંતોષાયેલ માળખાકીય વિકાસની જરૂરિયાતો ઘટ-પૂરક નાણાંમાંથી પૂરી કરવા ધ્યાનમાં લેવામાં આવશે.'ઘટ-પૂરક' ઘટકમાંથી માત્ર એવી પ્રવૃત્તિઓ જ નાણાં ફાળવવામાં આવશે જે પોર્ટલના પત્રક –૨ માં દર્શાવ્યા મુજબ એક વખત કરવાની છે અને આ પ્રવૃત્તિનો હેતુ સમુદાયના ઉપયોગ માટે છે.

**૫. ગામોની પસંદગી:**

અ. વસતી ગણતરીની અદ્યતન માહિતી મુજબ જે ગામોમાં અનુસૂચિત જાતિ (SC)ની વસતી ૪૦% થી વધુ છે અને કુલ વસતી ૫૦૦ કે તેથી વધારે છે એવા ગામો તેમની અનુસૂચિત જાતિ (SC)ની વસતીના પ્રમાણ અનુસાર ઉતરતા ક્રમમાં પાત્ર ગણાશે.

બ. એક વાર આ ગામો આવરી લેવામાં આવે એ પછી, જે ગામોમાં અનુસૂચિત જાતિ (SC)ની વસતી ૪૦% કે તેથી ઓછી છે પણ ગામમાં અનુસૂચિત જાતિ (SC)ની એકંદર વસતી વધારે છે એવા ગામોને લેવામાં આવશે. આવા ગામો પસંદ કરવા માટેના માપદંડો આ માટેનું મંત્રાલય ઉચિત સમયે નક્કી કરશે.

**૬. ગ્રામ વિકાસ યોજના (VDP) તૈયાર કરવી:**

અ. ગ્રામ વિકાસ યોજના (VDP)નો હેતુ પસંદ કરાયેલ ગામોને લગભગ પાંચ વર્ષના સમયગાળાની સમયમર્યાદામાં આદર્શ ગ્રામમાં ફેરવવા વિકાસની એક સર્વગ્રાહી, વાસ્તવલક્ષી અને વ્યવહારું રૂપરેખા કે કાર્ય યોજના તૈયાર કરવાનો છે. ગ્રામ વિકાસ યોજનાનું પ્રારંભ બિંદુ જે તે ગામ માટે એકંદર તેમજ ગામના તમામ પરિવારો / વ્યક્તિઓ માટે અને ઓળખી કઢાયેલ વિકાસ સૂચકો

અનુસાર જેમનો સર્વે કરવાનો થાય છે એ તમામ માટે મહત્ત્વપૂર્ણ વિકાસ જરૂરિયાતોનું જરૂરિયાત આકલન હાથ ધરવાનું છે. આ હેતુ માટે, વેબ-પોર્ટલ https://pmagy.gov.in માં સમગ્ર પ્રક્રિયા પહેલેથી છેલ્લે સુધી ડિજિટલ સ્વરૂપે આપવામાં આવી છે તેમજ આ માટે જરૂરી તમામ પત્રકો આ પોર્ટલ પર ઉપલબ્ધ બનાવવામાં આવ્યા છે.

બ. જરૂરિયાત આકલન પત્રક ૧, ૨ અને ૩-અ તેમજ ૩-બ માં જોવા મળશે. જ્યારે પત્રક – ૧ માં ગ્રામ્ય કક્ષાની માહિતી એકત્ર કરવાની રહેશે, પત્રક – ૨ માં ૧૪ નિરીક્ષણજન્ય સૂચકો સામે ગ્રામ્ય કક્ષાની માળખાકીય સુવિધાની માહિતી અને પત્રક ૩-અ બાકીના ૩૬ નિરીક્ષણજન્ય સૂચકો સામે પરિવારની / વ્યક્તિગત જરૂરિયાતોની માહિતી એકત્ર કરે છે. પત્રક ૩-બ એ પત્રક ૩-અ નું સંકલિત પત્રક છે અને તેથી ગ્રામ્ય કક્ષાએ પરિવારની / વ્યક્તિગત જરૂરિયાતોની માહિતી એકત્ર કરે છે. અને એ રીતે પત્રક-૨અને પત્રક-૩ બંને સાથે મળીને ફકરા – ૨(ક) માં સૂચિત કરેલ દરેક નિરીક્ષણજન્ય સૂચક માટેની માહિતી એકત્ર કરે છે. પત્રક-૨ અને પત્રક ૩-બ પણ સાથે મળીને દરેક નિરીક્ષણજન્ય સૂચક માટે પરિવારની / વ્યક્તિગત જરૂરિયાતો (ઘટ) અને માળખાકીય સુવિધાઓ માટે સૂચિત કાર્ય યોજનાની માહિતી એકત્ર કરે છે.

ક. પોર્ટલના પત્રક-૧, ૨, ૨-અ અને ૨-બ હેઠળ ભરવામાં આવતી વિગતોને આધારે ગ્રામ વિકાસ યોજના (VDP) પોર્ટલ પર એની મેળે તૈયાર થઈ જશે. ગ્રામ વિકાસ યોજનાના આખરી મુસદ્દામાં પત્રક-૧, ૪, ૫ અને ૬નો સમાવેશ થશે. પત્રક-૪ અને ૫ એ કાર્ય યોજનાની સંકલિત વિગતો સમાવે છે જેની વિગતો પત્રક ૨ અને પત્રક ૨-બ માં પહેલાથી જ એકત્ર કરી લેવામાં આવી છે અને તેથી તે અનુક્રમે માળખાકીય સુવિધાઓ અને પરિવારની / વ્યક્તિગત જરૂરિયાતોની ગ્રામ વિકાસ યોજનાને દર્શાવે છે. પત્રક ૪ અને ૫ નો ઉપયોગ જરૂરિયાતો પરિપૂર્ણ થયાની માસિક પ્રગતિ પર નજર રાખવા માટે પણ કરવામાં આવે છે.

ડ. માળખાકીય સુવિધાઓ માટેનું આયોજન કરતી વખતે એક વાત ધ્યાનમાં રાખવી કે એ માટેના નાણા કેન્દ્રિય યોજનાઓ, રાજ્ય સરકારની યોજનાઓ અને PMAJAY ના અન્ય ઘટકોમાંથી પ્રાપ્ત કરી શકાશે અને તે પત્રક-૪માં દર્શાવવાનું રહેશે. ઉપરાંત, ફકરા – ૨(ક) હેઠળ પેટા ફકરા ૩.૪, ૩.૫, ૩.૮ અને ૩.૯ માં દર્શાવેલ ચાર નિરીક્ષણજન્ય સૂચકોના કિસ્સામાં, પત્રક ૩-અ, ૩-બ અને ૫ માં માત્ર આવી ત્રૂટિ કે ઘટ માટેના કારણોની વિગતો એકત્ર કરવામાં આવે છે.

ઇ. પત્રક – ૫ માં પરિપૂર્ણ થયેલ તમામ ૫૦ નિરીક્ષણજન્ય સૂચકોની સ્થિતિ દર્શાવવામાં આવે છે. પ્રારંભિક જરૂરિયાત આકલન પૂર્ણ થઈ ગયા પછી, પત્રક – ૪ માં નિરીક્ષણજન્ય સૂચકોની મૂળ (બેઝલાઇન) સ્થિતિ દર્શાવવામાં આવે છે. જરૂરિયાતોનું જ્યારે નિવારણ કરવામાં આવે છે અને તે

અંગેની નોંધ લેવાય છે ત્યારે સામાજિક-આર્થિક સૂચકોમાં સુધાર જોવા મળશે અને તેથી પત્રક – ૪ ની જૂની વિગતો બદલાઈને અદ્યતન થશે અને જે ગામનો વાસ્તવદર્શી ગુણાંક સૂચવશે.

ફ. જરૂરિયાત આકલન, વિગતોનું એકત્રીકરણ, ઘટ કે ત્રૂટિ વિશ્લેષણ અને ગ્રામ વિકાસ યોજના (VDP) તૈયાર કરવાની આ સમગ્ર કવાયત ગ્રામ્ય કક્ષાની એકીકરણ સમિતિ (VLCC) દ્વારા ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવશે. ગ્રામ સભા દ્વારા યોગ્ય રીતે મંજૂર કરાયેલ ગ્રામ વિકાસ યોજનાને આગળ વધુ મંજૂરી માટે જિલ્લા કક્ષાની એકીકરણ સમિતિ (DLCC)ને રજૂ કરવામાં આવશે. દરખાસ્તને મંજૂરી આપતી વખતે જિલ્લા કક્ષાની એકીકરણ સમિતિ (DLCC) એ સુનિશ્ચિત કરશે કે ગ્રામ વિકાસ યોજના એ ગામની માળખાકીય સુવિધાની જરૂરિયાતો સંતોષવા માટે અન્ય યોજનાઓ સાથે પર્યાપ્ત અને સુયોગ્ય એકીકરણ સાથેની એક સુદ્રઢ યોજના છે અને તેનાથી નિરીક્ષણજન્ય સૂચકોમાં ઈચ્છિત સુધાર લાવી શકાશે. તેથી કોઈપણ પ્રકારનું બેવડાપણું ટાળવા માટે ગ્રામ વિકાસ યોજનાને ગ્રામ પંચાયત વિકાસ યોજનાનો એક ભાગ બનાવવામાં આવશે.

**૭. સમય મર્યાદા:**

આદર્શ ગ્રામ ઘટક હેઠળ એટલે કે ઘટ-પૂરક માટેના નાણાનો ઉપયોગ કરવાની સમય-મર્યાદા પસંદ થયેલ તમામ ગામો; નવા ગામો ઉપરાંત નાણાં આપવા માટે વધારાના રાઉન્ડ હેઠળપસંદ થયેલ ગામો માટે રકમ છૂટી કરવાની તારીખથી બે (૨) વર્ષની રહેશે. આદર્શ ગ્રામનો મૂળ મંત્ર જાળવી રાખી શકાય તેમજ નિરીક્ષણજન્ય સૂચકોમાં સ્થિરતા અને સુધાર સુનિશ્ચિત કરી શકાય એ માટે પસંદ થયેલ તમામ ગામોમાં ઓછામાં ઓછા બીજા ત્રણ (૩) વર્ષ સુધી એકીકરણ પ્રક્રિયાનો અમલ ચાલું રહેશે.

**૮. નાણાકીય ફાળવણી:**

અ. નવા પસંદ થયેલ ગામોને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૨૧.00 લાખની રકમ ફાળવવામાં આવશે, જે પૈકી રૂ. ૨૦.00 લાખની રકમ પસંદ થયેલ ગામોમાં ઘટ-પૂરક ઘટક હેઠળ હાથ ધરવાની પ્રવૃત્તિઓ માટે રહેશે. બાકીની ગામ દીઠ રૂ. ૧.00 લાખની રકમ વહીવટી અને અન્ય ખર્ચ એટલે કે કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને ગ્રામ્ય કક્ષાએ તકનિકી સંસાધન સહાય, પ્રશિક્ષણ અને ક્ષમતા વર્ધન, જાગરૂકતા લાવવી, પ્રસિદ્ધ વગેરે માટે, તેમજ કેન્દ્રિય કક્ષાએ MIS ના વિકાસ અને જાળવણી માટે રહેશે, જે કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને ગામ વચ્ચે ૧:૧:૧:૨ ના પ્રમાણમાં વહેંચવામાં આવશે.

બ. રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર પાસેથી એ અપેક્ષિત છે કે તેઓ ઘટ-પૂરક માટેના નાણાંની ઓછામાં ઓછા ૩ થી ૪ ગણી રકમનું એકીકરણ અન્ય કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ અને

રાજ્યની યોજનાઓ અથવા તો રાજ્યોના હિસ્સા સાથે પણ કરે જેથી કરીને ગામોમાં માળખાકીય સુવિધાઓ પરિપૂર્ણ કરી શકાય.

ક. વધુમાં, અગાઉના અમલીકરણ તબક્કા હેઠળ આવરી લેવાયેલ ગામોમાં વિકાસની ગતિ નિરંતર ચાલું રહે એ માટે પાંચ વર્ષ પૂરા થયા પછી ગામ દીઠ રૂ. ૧૦.૦૦ લાખની વધારાની ફાળવણી કરવામાં આવશે, એ શરતે કે તેઓ તમામ શરતો પરિપૂર્ણ કરે છે. આમાંથી ગામ દીઠ રૂ. ૯.૫૦ લાખની રકમનો ઉપયોગ 'ઘટ-પૂરક' ઘટક માટે કરવાનો રહેશે અને બાકીની ગામ દીઠ રૂ. ૦.૫૦ લાખની રકમ વહીવટી અને અન્ય ખર્ચ માટે કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને ગામની વચ્ચે ૧:૧:૧:૨ ના પ્રમાણમાં વહેંચવામાં આવશે.

**૯. નાણાં છૂટા કરવા:**

અ. યોજનાના આ ઘટક હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને બે હપ્તામાં રકમ છૂટી કરવામાં આવશે. રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો ક્ષમતા વર્ધન, જાગરૂકતા કેળવણી, જરૂરિયાત આકલન, ગામ વિકાસ યોજના તૈયાર કરવી વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે અને પ્રોજેક્ટ અમલીકરણ યુનિટને લગતા અન્ય ખર્ચાઓ કરી શકે એ માટે પહેલા હપ્તાની રકમ રૂ. ૦.૮૦ લાખ અથવા ગામ દીઠ રૂ. ૦.૪૦ લાખ ગામોની પસંદગી થયેથી તાત્કાલિક છૂટી કરવામાં આવશે.

બ. શેષ મળવાપાત્ર બીજા હપ્તાની રકમ અને ગામ દીઠ આખરી હપ્તાની રકમ રૂ. ૨૦.૦૦ લાખ અથવા ગામ દીઠ રૂ. ૯.૫૦ લાખ જે તે રાજ્યોને તેમના ગામની ગ્રામ સભા દ્વારા આખરી કરવામાં આવેલ ગ્રામ વિકાસ યોજનાના સંદર્ભમાં ફાળવી આપવામાં આવશે.

ક. રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર ત્યાર બાદ 'વહીવટી ખર્ચ' હેઠળ મળવામાત્ર પૂરેપૂરી રકમ જિલ્લા વહીવટીતંત્રને ક્ષમતા વર્ધન, વહીવટી ખર્ચ, જાગરૂકતા કેળવણી, બિન-નાણાકીય પ્રવૃત્તિઓ વગેરે કરવા માટે ફાળવી આપશે. ત્યારબાદ, રાજ્ય સરકાર દ્વારા ઘટ-પૂરક ઘટક હેઠળ મળવાપાત્ર પૂરેપૂરી રકમ એટલે કે રૂ. ૨૦.૦૦ લાખ અથવા ગામ દીઠ રૂ. ૯.૫૦ લાખ, જે લાગું પડતું હોય તે રકમ, જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા ગ્રામ વિકાસ યોજનાને મંજૂર કરવામાં આવે કે તરત જિલ્લા વહીવટીતંત્રને ચૂકવી દેવામાં આવશે, જેથી કરીને આયોજિત કામગીરી કરવામાં કોઈ વિલંબ ન થાય.

**૧૦. સમિતિઓ:**

'આદર્શ ગ્રામ' ઘટક સહિત યોજનાના અમલીકરણના સમગ્રતયા માર્ગદર્શન અને મોનિટરીંગ માટે કેન્દ્ર, રાજ્ય, જિલ્લા અને ગ્રામ્ય કક્ષાએ જુદી જુદી સમિતિઓ રહેશે. રાજ્ય અને જિલ્લા કક્ષાની સમિતિઓ સિવાય, ગ્રામ કક્ષાની સમિતિ બેઝલાઈન જરૂરિયાત આકલન હાથ ધરવામાં, આંકડાકીય માહિતી એકત્ર કરવામાં, ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવામાં તેમજ ગામમાં યોજનાના અમલીકરણ અને મોનિટરીંગમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ સમિતિઓની રચના અને કાર્યો પ્રકરણ – ૫ માં સમાવવામાં આવેલ છે.

**૧૧. 'આદર્શ ગ્રામ' પુરસ્કાર:**

અ. સર્વસમાવેશી અભિગમ સાથે યોજનાનો અમલ કરતા રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોનેને પ્રોત્સાહિત આપી શકાય એ માટે, દેશમાં શ્રેષ્ઠ કામગીરી કરતા વધુમાં વધુ ત્રણ (03) જિલ્લા અને શ્રેષ્ઠ કામગીરી કરતા વધુમાં દસ (૧૦) ગામોને નિર્ધારિત કરેલ માપદંડોને આધારેમંત્રાલય દ્વારા રચવામાં આવેલ નિર્દિષ્ટ પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવશે. આ હેતુસર, પસંદ થયેલ જિલ્લાને રાષ્ટ્રિય કક્ષાના પુરસ્કાર હેઠળ રૂ. ૧૦.00 લાખનો પુરસ્કાર આપવામાં આવશે. આ માટેના નાણાં 'વહીવટી ખર્ચ' સદર હેઠળ ફાળવેલ નાણાંમાંથી મેળવવામાં આવશે.

બ. આ રીતે રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર તેમના રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશમાં શ્રેષ્ઠ કામગીરી કરતા ગામોને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય કક્ષાના પુરસ્કાર આપવા અંગે વિચારણા કરી શકે છે. શ્રેષ્ઠ કામગીરી કરતા ત્રણ (03) ગામોને પસંદ કરી શકાશે અને રૂ. બે (0૨) લાખનો રોકડ પુરસ્કાર આપી શકાશે. આ પુરસ્કાર માટેના નાણાં સંબંધિત રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશને વહીવટી ખર્ચ હેઠળ ફાળવેલ નાણાંમાંથી મેળવી શકાશે. આ પુરસ્કાર માટેના નાણાં વહીવટી ખર્ચ હેઠળ ફાળવેલ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશના હિસ્સામાંથી મેળવી શકાશે.

ક. પુરસ્કારના નાણાંની રકમનો ઉપયોગ જાહેર જનતાના હિતાર્થે ખાસ કરીને આજીવિકા સહાય, સંપતિ સર્જન, નાગરિક સુવિધાઓ ઉભી કરવી તેમજ જુદા જુદા પ્રોજેક્ટ્સ માટે કેન્દ્ર / રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્ર તરફથી મળતી નાણાકીય સહાયમાં જે ઘટ ઉભી થાય તેને પૂરી કરવા માટે કરવામાં આવશે.

## પ્રકરણ – ૦૩

## અનુસૂચિત જાતિ (SC)ના સામાજિક-આર્થિક ઉત્થાન માટે જિલ્લા / રાજ્ય કક્ષાના પ્રોજેક્ટ્સ માટે સહાયક અનુદાન

**૧. હેતુઓ:**

યોજનાના આ ઘટકના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:

૧) આવક ઉપાર્જન યોજના, કૌશલ્ય વિકાસ અને આનુષંગિક માળખાકીય વિકાસના ઘટકો ધરાવતાસમગ્રલક્ષી આજીવિકા સહાય પ્રોજેક્ટ્સને અમલી બનાવીને લક્ષિત વસતીજૂથની આવકમાં વધારો કરવો અને એ રીતે લક્ષિત વસતીજૂથની ગરીબીમાં ઘટાડો કરી તેમને ગરીબી રેખાની ઉપર લાવવા;

૨) અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોમાં પર્યાપ્ત માળખાકીય સુવિધાઓ સુનિશ્ચિત કરીને સામાજિક-આર્થિક વિકાસ સૂચકોમાં સુધાર લાવવો;

૩) અનુસૂચિત જાતિના લોકોમાં સાક્ષરતા પ્રમાણ વધારવું તેમજ અગ્રણી શિક્ષણ સંસ્થાનોમાં પર્યાપ્ત નિવાસીય સુવિધાઓ પ્રદાન કરીને તેમજ જરૂર જણાય ત્યાં ખાસ કરીને સુવિધા વંચિત / અનુસૂચિત જાતિની મોટી વસતી ધરાવતા તાલુકા અથવા બ્લોકમાં અને દેશમાં અન્યત્ર નિવાસી શાળાઓ  શાળાઓ અને ઉચ્ચ અભ્યાસની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના પ્રવેશને પ્રોત્સાહન આપવું;

**૨.** **પ્રોજેક્ટ્સના પ્રકારો:** આ ઘટક રાજ્ય સરકારો / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રોને સ્થાનિક જરૂરિયાતો અને ઉપલબ્ધ સંસાધનો અનુસાર અનુસૂચિત જાતિ (SC)ના વિકાસ માટે પ્રોજેક્ટ્સ બનાવવા માટેની સ્વતંત્રતા આપે છે. નીચે દર્શાવેલ પ્રકારના પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે:

અ. સર્વસમાવેશી આજીવિકા પ્રોજેક્ટ્સ: માત્ર એવા પ્રોજેક્ટ્સ હાથ પર લેવા જે અનુસૂચિત જાતિના લોકો માટે નિરંતર આવક ઉપાર્જન અથવા સામાજિક ઉત્થાન માટે એક આવશ્યક સામાજિક-આર્થિક પરિસ્થિતિનું નિર્માણ કરતા હોય. જેમ કે આમાં નીચેનાનો સમાવેશ થઈ શકે:

૧) કૌશલ્ય વિકાસ: કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ધારા-ધોરણો અનુસાર કૌશલ્ય વિકાસ માટેના પ્રોજેક્ટ્સ, અને સરકારી કૌશલ્ય વિકાસ સંસ્થાનો દ્વારા કૌશલ્ય વિકાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે જરૂરી સવલતો અને માળખાકીય સુવિધાઓ.

૨) લાભાર્થી/પરિવારો માટે સંપત્તિ કે મિલકતના સર્જન / સંપાદન માટે અનુદાન: આ યોજના હેઠળ કોઈ એકલ કે વ્યક્તિગત મિલકત વિતરણ રહેશે નહિ જે PAC દ્વારા પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરતી વખતે સુનિશ્ચિત કરવાનું રહેશે. જો કે, સર્વસમાવેશી આજીવિકા પ્રોજેક્ટ્સ હેઠળ અન્ય જોગવાઈઓની સાથે SC લાભાર્થીઓ / પરિવારો / જૂથો માટે આજીવિકા ઉપાર્જન માટે જરૂરી સંપત્તિના સર્જન / સંપાદન, અને જો આવી મિલકત સંપાદન / વસાવવા માટે લાભાર્થી દ્વારા લોન લેવામાં આવી હોય તો રૂ. ૫૦,૦૦૦/- અથવા પ્રોજેક્ટ ખર્ચના ૫૦% પૈકી જે ઓછું હોય એટલી નાણાકીય સહાય SC લાભાર્થીઓ / પરિવારોને આપવામાં આવશે.

૩) માળખાકીય સુવિધાઓ વિકસાવવી: સાર્વજનિક સુવિધાઓના ઉપયોગ હેતુ માટે પ્રોજેક્ટને આનુષાંગિક માળખાકીય સુવિધાઓ વિકસાવવી.

આ પ્રોજેક્ટ્સમાં ખાસ કરીને ઉપરોક્ત પૈકી કોઈ બે કે તેથી વધુ ઘટકોને સમાવવા જોઈએ જેથી કરીને લાભાર્થીઓને તેમના સામાજિક-આર્થિક સશક્તિકરણ માટે અથથી ઈતિ સુધીના બધા નિવારણો પ્રદાન કરી શકાય. વિકાસના વિવિધ ક્ષેત્રો હેઠળ હાથ ધરી શકાય એવા દૃષ્ટાંતરૂપ પ્રોજેક્ટ્સની સૂચિ **પરિશિષ્ટ – ૧** માં સામેલ છે.

બ. અન્ય માળખાકીય સુવિધાઓ વિકસાવવી: અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોમાં લક્ષિતજૂથ વસતીના સામાજિક-આર્થિક વિકાસ માટે માળખાકીય સુવિધા વિકસાવવા માટેના પ્રોજેક્ટ્સ; છાત્રાલયો / નિવાસી શાળાઓનું બાંધકામ.

ક. ખાનગી શિક્ષકો દ્વારા શિક્ષણ આપવું: શૈક્ષણિક રીતે નબળા વર્ગના બાળકો માટે ખાનગી શિક્ષક દ્વારા વિશેષ શિક્ષણ આપવું.

**૩. પાત્રતા:**

અ. અનુસૂચિત જાતિ (SC)ના સામાજિક-આર્થિક ઉત્થાન માટે સર્વસમાવેશી આજીવિકા પ્રોજેક્ટ્સ: લાભાર્થી માટે કોઈ ચોક્કસ આવક મર્યાદા રહેશે નહીં. જો કે, લાભાર્થીઓની પસંદગી કરતી વખતે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે જેમની વાર્ષિક આવક રૂ. ૨.૫૦ લાખ કરતા વધુ નથી એવા પરિવારો/વ્યક્તિઓને અગ્રતા આપવામાં આવે. અનુસૂચિત જાતિ (SC) બહુલ જૂથોના SC સભ્યો પણ પાત્ર બનશે.

બ. માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સ: અનુસૂચિત જાતિ (SC) બહુલ વસતી ધરાવતા ગામો આ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે પાત્ર બનશે. ઉપરાંત, આ યોજના હેઠળ નક્કી કરવામાં આવેલ

કૌશલ્ય વિકાસ તાલીમ આપતા સંસ્થાનોમાં માળખાકીય સુવિધાઓને વધુ સુદ્દઢ બનાવવા માટેના પ્રોજેક્ટ્સ પણ હાથ ધરી શકાશે.

ક. છાત્રાલયો અને નિવાસી શાળાઓના બાંધકામ પ્રોજેક્ટ્સમાં અનુસૂચિત જાતિ (SC) બહુલ વસતી ધરાવતા જિલ્લાઓમાં અને વંચિત જિલ્લાઓને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે.

ડ. લાભોનું બેવડાપણું ટાળી શકાય એ માટે આ યોજના હેઠળ ફક્ત એવી પ્રવૃત્તિઓ / પ્રોજેક્ટ્સને નાણા આપવા અંગે વિચારણામાં લેવામાં આવશે જેને રાજ્ય SCSP ના છત્ર હેઠળની અન્ય કોઈ યોજનાઓમાંથી નાણાકીય સહાય આપવામાં આવતી નથી.

**૪. જુદા જુદા જૂથો અને પ્રવૃત્તિઓ માટે નાણાંની ફાળવણી:**

અ. રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોને ચૂકવવામાં આવતા કુલ અનુદાનની ઓછામાં ઓછી ૧૫% રકમનો ઉપયોગ ફક્ત ને ફક્ત અનુસૂચિત જાતિ (SC) મહિલાઓ માટે ઉપયોગી આવક ઉપાર્જન આર્થિક વિકાસ યોજનાઓ / કાર્યક્રમો પર કરવાનો રહેશે.

બ. વર્ષ દરમિયાન છૂટી કરવામાં આવેલ SCA રકમના ઓછામાં ઓછા ૧૦% નાણાંનો ઉપયોગ કૌશલ્ય વિકાસની ગાઈડલાઈન્સ અનુસાર હાથ ધરવામાં આવનાર કૌશલ્ય વિકાસ કાર્યક્રમ માટે કરવાનો રહેશે.

ક. વર્ષ દરમિયાન છૂટી કરવામાં આવેલ CA રકમના ઓછામાં ઓછા 30% નાણાંનો ઉપયોગ માળખાકીય સુવિધાઓના વિકાસ કાર્યક્રમો માટે કરવાનો રહેશે.

ડ. મહિલાઓના આર્થિક વિકાસને જરૂરી પ્રોત્સાહન આપી શકાય એ માટે કૌશલ્ય વિકાસ કાર્યક્રમોમાં ઓછામાં ઓછી 30% મહિલા ઉમેદવારોની ભાગીદારી સુનિશ્ચિત કરવાની રહેશે.

ઇ. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો પણ વપરાશી ચીજવસ્તુઓ અને સેવાઓના માર્કેટીંગ સાથે સંકળાયેલ અનુસૂચિત જાતિ મહિલા સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપી શકશે.

**૫. ઉત્તર-પૂર્વીય રાજ્યો માટે વિશેષ જોગવાઈઓ:**યોજના ઘટક હેઠળ કુલ નાણાકીય ફાળવણીના ઓછામાં ઓછા ૨% રકમ ઉત્તર પૂર્વીય રાજ્યો જેઓ અનુસૂચિત જાતિઓ (SCs) માટે અનુસૂચિત જાતિ પેટા યોજનાનું અમલીકરણ કરે છે તેમના માટે અલગ રાખી મૂકવાની રહેશે.

**૬. નાણાની અનુમાનિત કે તર્કબદ્ધ ફાળવણી માટેના માપદંડો:**આ ઘટકનો અમલ ૨૮ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવી રહેલ છે. સૌ પહેલા, નાણાંના સદર વાર એટલે કે 'NER સદર સિવાયના

રાજ્યો','NER સદર','વહીવટી સદર','વૈધાનિક સદર સિવાય UT', વગેરે મુજબ નાણાની ફાળવણી કરવામાં આવે છે. ત્યારબાદ આ દરેક સદર માટે આ યોજનાના સહાયક અનુદાન ઘટક હેઠળ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોને માપદંડ – ૨ અનુસાર નીચે મુજબ નાણાની ફાળવણી કરવામાં આવશે:

સંબંધિત સદર હેઠળ ઉપલબ્ધ નાણાંની ૫૦% રકમ જે તે સદર હેઠળ આવરી લેવાયેલ અનુસૂચિત જાતિની કુલ વસતીના સંદર્ભમાં રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની અનુસૂચિત જાતિની વસતીના પ્રમાણમાં ફાળવવામાં આવશે. દાખલા તરીકે,NER હિસાબી સદર હેઠળ,ઉત્તર પૂર્વીય રાજ્યો આસામ, મણીપુર, સિક્કિમ અને ત્રિપુરા રાજ્યોને આ યોજના અંતર્ગત નાણાં છૂટા કરવામાં આવે છે. ૨૦૧૧ ની વસતી ગણતરી અનુસાર, ઉત્તર પૂર્વીય રાજ્યો આસામ, મણીપુર, સિક્કિમ અને ત્રિપુરામાં અનુસૂચિત જાતિની કુલ વસતી ૩૦૧૧૫૫૬ છે અને ૨૨૩૧૩૨૧ ની વસતી એકલા આસામમાં છે. આમ, ટકાવારીની દ્રષ્ટિએ આસામમાં અનુસૂચિત જાતિની કુલ વસતી ૭૪.૦૯% છે. તેથી આસામ માટે અનુમાનિત ફાળવણી NER સદર હેઠળ ફાળવેલ કુલ રકમના ૭૪.૦૯% થશે.

ઉપરોક્ત પ્રત્યેક સદર હેઠળ ઉપલબ્ધ રકમ હેઠળ ઉપલબ્ધ શેષ રહેતી ૫૦% રકમની અનુમાનિત ફાળવણીરાજ્યને તેની અનુસૂચિત જાતિની વસતીની ટકાવારીના ભારાંક પ્રમાણે કરવામાં આવશે, જ્યાં ભારાંક એ રાજયની વાર્ષિક યોજના હેઠળ કુલ ફાળવણી સામે રાજ્યની ખાસ ઘટક યોજના હેઠળ ફાળવણીના ગુણોત્તર પર આધારિત એટલે કે પ્રમાણસર છે. દાખલા તરીકે, જો:

SCSP હેઠળ રાજ્યને ફાળવણી રૂપિયામાં = z
રાજ્યની વાર્ષિક યોજના હેઠળ કુલ ફાળવણી રૂપિયામાં = y
રાજયની અનુસૂચિત જાતિ (SC) ની વસતી = a
રાજ્યની કુલ વસતી = b
તો હવે રાજ્યનો ભારાંક થશે : (z/y) / (a/b) = w
રાજ્યની અનુસૂચિત જાતિ (SC) ની વસતીનો ભારાંક = wxa = c
જો આ સદર હેઠળ તમામ રાજ્યોની અનુસૂચિત જાતિ (SC) ની વસતીના ભારાંકનો સરવાળો = d

રાજ્ય માટે અનુમાનિત ફાળવણી રૂપિયામાં = સદર xc/d હેઠળ ઉપલબ્ધકુલ રકમ

**૭. નાણાકીય અને અમલીકરણના ધારા-ધોરણો:**

**અ. સર્વસમાવેશી આજીવિકા પ્રોજેક્ટ્સ:** એવા પ્રોજેક્ટ્સ જે નિરંતર આવક ઉપાર્જન અથવા સામાજિક પ્રગતિ માટે આવશ્યક સામાજિક-આર્થિક પરિસ્થિતિનું નિર્માણ કરતા હોય તેને જ નાણાકીય સહાય આપવામાં

આવશે. એવા પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય આપવામાં આવશે જે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક જરૂરિયાતોને આધારે વિકેન્દ્રિય આયોજન મારફતે ઓળખી કાઢવામાં આવેલ છે. એવા પ્રોજેક્ટ્સ પર વધુ ભાર આપવામાં આવશે જે ગરીબીને લીધે અતિ કંગાળ બની ગયેલ અનેક લોકો માટે આર્થિક પ્રવૃત્તિઓનું સર્જન કરી શકે છે. આવા પ્રોજેક્ટ્સના ઘટકો નીચે મુજબ હોઈ શકે છે:

**અ. કૌશલ્ય વિકાસ કાર્યક્રમો:**

૧. કૌશલ્ય વિકાસ તાલીમની જરૂરિયાતના પ્રમાણની ગણતરી આવા કૌશલ્યની વાસ્તવિક જરૂરિયાત આકલનને આધારે કરેલ હોવી જોઈએ અને અમલીકરણ એજન્સીની જરૂરિયાતો, લાભાર્થીઓની પસંદગી તેમજ નિષ્પાદનો અને પરિણામો હાંસલ કરવા માટે જરૂરી મોનિટરીંગ અને નાણાકીય ખર્ચની દૃષ્ટિએ આવી કૌશલ્ય તાલીમના સમગ્ર કાર્યસૂચિનો નિર્દેશ આપતા હોય તો જ તેને ગણતરીમાં લેવામાં આવે છે. રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો એ સુનિશ્ચિત કરશે કે કોઈપણ યોજનાઓ બેવડાય નહિ અને માત્ર એવા ઘટકો અથવા લાભાર્થીઓને જ ધ્યાનમાં લેવા જોઈએ જે PM-DAKSH ની યોજના હેઠળ આવરી લેવાયેલ નથી.

૨. કૌશલ્ય વિકાસ કાર્યક્રમોનું વર્ગીકરણ: કૌશલ્ય વિકાસને મુખ્યત્વે નીચેના વર્ગોમાં વર્ગીકૃત કરી શકાય:

   અ. કૌશલ્ય વર્ધન / પૂર્વ પ્રશિક્ષણની પિછાણ કરવી: આ પ્રશિક્ષણ કાર્યક્રમનો સમયગાળો ૩૨ થી ૮૦ કલાકનો રહેશે અને તાલીમાર્થીના વ્યવસાયિક કામના કલાકોને ધ્યાનમાં રાખી તેને એક મહિનાના સમયગાળામાં વિભાજિત કરવામાં આવે છે.

   બ. ટૂંકા ગાળાના અભ્યાસક્રમો (મહિલા અને સ્વ-રોજગાર પર ભાર આપતા): આ પ્રશિક્ષણ કાર્યક્રમનો સમયગાળો ૨૦૦ થી ૬૦૦ કલાકનો રહેશે અને તેનો કુલ સમય પાંચ (૫) મહિનાનો અથવા નેશનલ ઓક્યુપેશનલ સ્ટાન્ડર્ડ્સ (NOS) અને ક્વોલિફિકેશન પેક્સ (QPs) માં નિર્ધારિત કર્યા મુજબનો રહેશે.

   ક. ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ (EDP): સામાન્ય રીતે આ પ્રશિક્ષણ કાર્યક્રમનો સમયગાળો ૮૦ કલાક (૧૦ દિવસ)નો અથવા ગ્રામીણ વિકાસ મંત્રાલયની ગાઈડલાઈન્સમાં દર્શાવ્યા અનુસાર રહેશે.

ડ. લાંબા ગાળાના અભ્યાસક્રમો (જેઓ ૧૦ પાસ કે તેથી વધુ ભણેલા છે એમના માટે વૈશ્વિક કૌશલ્ય વર્ગો): પ્રશિક્ષણ કેન્દ્રના સંબંધિત બોર્ડ / નિયમનકારી સંસ્થા દ્વારા નિર્ધારિત કર્યા મુજબ આ પ્રશિક્ષણ કાર્યક્રમનો સમયગાળો ૬ મહિના કે તેથી વધુ અને સામાન્ય રીતે ૧ વર્ષ સુધીનો રહેશે.

3. કૌશલ્ય વિકાસ સંસ્થાન:

અ. આ પ્રશિક્ષણ કાર્યક્રમનો અમલ નીચેના દ્વારા કરવામાં આવશે:

૧) રાજ્ય કૌશલ્ય વિકાસ મિશન (SSDMs) જેમને તેમના રાજ્યમાં તાલીમની જરૂરિયાત અને રોજગારીની તકોની બાબતમાં પાયાની જાણકારી હોવાની તેમજ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા હાથ ધરવામાં આવેલ કૌશલ્ય ઘટ વિશ્લેષણ અંગે જરૂરી સાહિત્ય-સામગ્રી પ્રાપ્ય હોવાની અપેક્ષા રાખવામાં આવે છે.

૨) SSDMs / SSCs / TIs ની સાથે સંલગ્ન તાલીમ સંસ્થાઓ.

3) રાષ્ટ્રિય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ (NSFDC) એ છેલ્લા પાંચ વર્ષમાં કેટલાક વિશ્વસનિય પ્રશિક્ષણ સંસ્થાનો (મોટા ભાગે સરકારી અથવા સરકારની ભાગીદારી છે એવા) તેમજ સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ, કોર્પોરેટ કૌશલ્યના અમુક ફાઉન્ડેશન / ટ્રસ્ટ્સ જેમણે સંબંધિત કૌશલ્ય તાલીમ કાર્યક્રમો હાથ ધરવાતેમજ પ્રશિક્ષિત ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાની બાબતે સારી કામગીરી કરી છે. આવી એજન્સીઓની યાદી આ યોજનાના વેબ પોર્ટલ પર ઉપલબ્ધ છે.

૪) અન્ય પ્રશિક્ષણ સંસ્થાનો જેમણે સંબંધિત કૌશલ્ય તાલીમ કાર્યક્રમો હાથ ધરવા તેમજ પ્રશિક્ષિત ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાની બાબતે સારી કામગીરી કરી છે.

બ. આ સંસ્થાનો પ્રશિક્ષણ કાર્યક્રમો હાથ ધરવા માટે સંબંધિત વ્યક્તિઓ કે સંસ્થાઓને ઓળખી કાઢશે. માન્ય સંલગ્નતાનો પુરાવો અને આ સંદર્ભમાં અન્ય વિગતોની તપાસ કરવી આવશ્યક છે. પ્રશિક્ષણના સંલગ્ન તાલીમ પ્રદાતા દ્વારા આ સિવાય અન્ય કોઈને કામગીરી સોંપવી સખત પ્રતિબંધિત છે, અને આવી કોઈ બાબત રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશના ધ્યાન પર આવશે તો પ્રશિક્ષણ સહયોગીના ખર્ચે

અને જોખમે પ્રશિક્ષણ કાર્યક્રમની પરવાનગી રદ કરવા સહિતના અન્ય શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

ક. લાંબા ગાળાના અભ્યાસક્રમો માટે પ્રશિક્ષણ આપનાર સહયોગી સંસ્થાને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૧૦૦૦ ઉમેદવારોને સફળતાપૂર્વક પ્રશિક્ષિત કરવાનો અને પ્રશિક્ષિત ઉમેદવારો પૈકી ૭૦% કે તેથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાની કામગીરી કર્યાનો અનુભવ હોવો જોઈએ. આ કૌશલ્ય પ્રશિક્ષણ કાર્યક્રમો તાલીમ આપનાર સંસ્થાની માલિકીના કેન્દ્રોમાં જ આયોજિત કરવાના રહેશે, નહિ કે ફ્રેન્ચાઇઝી / સહયોગીના કેન્દ્રોમાં.

૪. અભ્યાસક્રમો, અભ્યાસની સાહિત્ય-સામગ્રી, જરૂરી સુવિધાઓ અને અન્ય જરૂરિયાતો:

અ. જુદા જુદા રાજ્યો / જિલ્લાઓમાં અમલ કરવામાં આવનાર કૌશલ્ય ક્ષેત્રો / કાર્ય જવાબદારીઓ સૂચિત કરતી વખતે નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સ્કિલ ગેપ એનાલિસીસ રિપોર્ટનું વિશ્લેષણ કરવામાં આવશે. સંબંધિત જિલ્લા કૌશલ્ય સત્તાધિકારીએ અથવા રાજ્ય કૌશલ્યવિકાસ મિશનના અધિકૃત અધિકારીએ આને સમર્થન આપવાનું રહેશે અને સુનિશ્ચિત કરવાનું રહેશે કે લક્ષિત જૂથોના ઉદ્દેશ્ય અને બજારમાં નોકરીની ઉપલબ્ધતાની દૃષ્ટિએ આ દરખાસ્તો સુસંગત છે.

બ. પ્રશિક્ષણ આપનાર તમામ સહયોગીઓએ એ પ્રશિક્ષણ આપવામાં આવનાર અભ્યાસક્રમ માટે નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) નું પાલન સુનિશ્ચિત કરવું અને MSDE દ્વારા કેન્દ્રની મુળભૂત માળખાકીય સુવિધાઓ, આકલન / પુન:આકલન, પ્રમાણન, પ્લેસમેન્ટ (નોકરી અપાવવામાં સહાયરૂપ બનવું), મોનિટરીંગ, પ્રશિક્ષણ સહયોગીઓની પાત્રતા, અને પ્રશિક્ષકોના પ્રશિક્ષણ (TOT)ના સંદર્ભમાં વખતો વખત ઈસ્યુ કરવામાં આવતા સામાન્ય ધારાધોરણોનું પાલન કરવું અનિવાર્ય છે.

ક. લાંબા ગાળાના અભ્યાસક્રમોના કિસ્સામાં, પ્રશિક્ષણ કાર્યક્રમનો પાઠ્યક્રમ NSQF, NCVT, AICTE, MSME અને રાજ્ય સરકારની સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતા પ્રશિક્ષણ કાર્યક્રમો સહિત અન્ય પ્રતિષ્ઠિત પ્રમાણન કાર્યક્રમો અનુસાર રહેશે. લાંબા ગાળાના પ્રશિક્ષણ કાર્યક્રમો હાથ ધરવા માટે જરૂરી પ્રાથમિક સવલતોની ઉપલબ્ધતા સંબંધિત નિયમનકારી સંસ્થાની ગાઈડલાઈન્સ અનુસાર

અને પ્રદાન કરવામાં આવતા પ્રમાણપત્ર સંબંધિત પ્રશિક્ષણ કાર્યક્રમોની પ્રક્રિયા સાથે સુસંગત રાખવાના રહેશે.

ડ. સ્વ-રોજગાર સાહસશરૂ કરવા સહાયતા માટે બેન્કો સાથે જોડાણ કરી શકાય એ માટે તમામ પ્રશિક્ષણ કાર્યક્રમોમાં નાણાકીય બાબતોની જાણકારી અને પ્રાથમિક દરખાસ્ત તૈયાર કરવાની બાબતને સામેલ કરવી અનિવાર્ય છે.

૫. લાભાર્થી તાલીમાર્થીઓની પસંદગી:

અ. રાજ્ય અને / અથવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ પ્રકારના પ્રચાર માધ્યમો મારફતે ઉમેદવારોને એકત્ર કરી તાલીમ કાર્યક્રમોમાં જોડવા.

બ. લાભાર્થીઓની પસંદગી કરવા માટે પસંદગી સમિતિની બેઠક યોજવામાં આવશે જેમાં રાજ્ય સરકાર / જિલ્લા વહીવટીતંત્ર અને / અથવા ખાસ કરીને ખાનગી પ્રશિક્ષણ સહયોગીઓના કિસ્સામાં તેમના એકમના પ્રતિનિધિને સામેલ કરવા ફરજીયાત છે.

ક. જે કૌશલ્યમાં તાલીમ આપવાનું પ્રસ્તાવિત છે એ કૌશલ્યમાં ઉમેદવારના રસ-રૂચિનું આકલન કર્યા પછી લાભાર્થીઓની ઓળખ કાળજીપૂર્વક કરવાની રહેશે. આ પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે,રાજ્ય સરકારના પ્રશિક્ષણ સહયોગી / તેમના પ્રશિક્ષણ પ્રદાતાએ પ્રિન્ટ મીડિયા (અખબારપત્રો વગેરે) અને સોશિયલ મીડિયામાં જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે અને ત્યારબાદ લાભાર્થીઓની પસંદગી માટે પસંદગી સમિતિની બેઠક યોજવાની રહેશે.

ડ. વિકલ્પે, રાજ્ય કૌશલ્ય વિકાસ મિશન (SSDMs) અને નિર્ધારિત કરેલ સરકારી તાલીમ સંસ્થાનો (Tis) / સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ (SSCs) રાષ્ટ્રિય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ (NSFDC) / રાષ્ટ્રિય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ (NSKFDC) અને ખાસ કરીને આવી વ્યક્તિઓ માટે તેમની વર્તમાન આજીવિકાને અસર ન પહોંચે એ રીતે તેમના અનુકૂળ સ્થળ અને સમયે કૌશલ્ય સંવર્ધન / કૌશલ્ય વર્ધન અંગે પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરતી અન્ય સરકારી એજન્સીઓની મદદ લઈને ઉપલબ્ધ કારીગર જૂથો કે સમૂહોની ઓળખ કરી શકશે.

૬. અપેક્ષિત પરિણામો:

અ. પ્રશિક્ષણ પામેલ ઉમેદવારોને નિયત પગારની નોકરી અપાવવામાં / સ્વ-રોજગાર સ્થાપવામાં સહાયતા કરવાની રહેશે. પ્રશિક્ષણ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયા પછી ત્રાહિત પક્ષીય મૂલ્યાંકન અને પ્રમાણન કરવામાં આવશે.

બ. કૌશલ્ય વિકાસ કાર્યક્રમના અપેક્ષિત પરિણામો નીચે મુજબ રહેશે:

૧) કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમો: લાભાર્થી દ્વારા સ્વ-પ્રમાણિત કર્યા મુજબ આજીવિકાની કમાણીમાં વધારો થવો.

૨) ટૂંકા ગાળાના પ્રશિક્ષણ કાર્યક્રમો: પ્રશિક્ષણ પામેલ પૈકી ઓછામાં ઓછી ૭0% વ્યક્તિઓને નિયત પગારની નોકરી / સ્વ-રોજગારીમાં સહાયતા કરવી.

૩) ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ (EDP): EDP પ્રશિક્ષણ પૂર્ણ થયા પછી ઓછામાં ઓછી ૭0% વ્યક્તિઓને તેમના જીવનનિર્વાહ માટે સ્વ-રોજગારી પ્રાપ્ત કરાવવામાં અથવા નિયત પગારની નોકરી અપાવવામાં સહાયતા કરવી.

૪) લાંબા ગાળાના પ્રશિક્ષણ કાર્યક્રમો: પ્રશિક્ષણ પામેલ વ્યક્તિઓને નિયત પગારની નોકરી / સ્વ-રોજગારીમાં ૭0% સુધી પ્લેસમેન્ટ કરાવવું જે પૈકી ઓછામાં ઓછા ૭0% ને નિયત પગારની નોકરીમાં રોજગારી અપાવવી.

૭. પ્રશિક્ષણ ખર્ચ: પ્રશિક્ષણ ખર્ચનું વળતર સામાન્ય ખર્ચ ધારા-ધોરણો (Common Cost Norms – CCN) અથવા વખતો વખત લાગું પડતી NCVT ગાઈડલાઈન્સ અનુસાર મર્યાદિત પ્રમાણમાં રહેશે. ખર્ચની ચૂકવણી નિર્ધારિત માપદંડો પરિપૂર્ણ કરવાને આધારે જ કરવાની રહેશે.

**બ. લાભાર્થીઓ / પરિવારો માટે મિલકત સંપાદન / સર્જન માટે નાણાકીય અનુદાન:** આ યોજના હેઠળ કોઈ એકલ કે વ્યક્તિગત મિલકત વિતરણ રહેશે નહિ, તેમ છતાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓ / પરિવારો / જૂથોને નિરંતર અને ટકાઉ આજીવિકા માટેના સર્વસમાવેશી આજીવિકા પ્રોજેક્ટ્સના કિસ્સામાં, જો આજીવિકાનું સાધન ઉભું કરવા માટે લાભાર્થીઓ / પરિવારોને મિલકત સંપાદન / સર્જન કરવાની જરૂરિયાત હોય અને જો આવી મિલકતના સંપાદન / વસાવવા માટે લાભાર્થી દ્વારા લોન લેવામાં આવી હોય એવા સંજોગોમાં રૂ. ૫0,000/- અથવા પ્રોજેક્ટ ખર્ચના ૫0% પૈકી જે ઓછું હોય એટલી નાણાકીય સહાય SC લાભાર્થીઓ / પરિવારોને આપવામાં આવશે.

ક. **પ્રોજેક્ટ સંબંધિત માળખાકીય સવલતો વિકસાવવી:** લક્ષિત જૂથોના નિરંતર આવક ઉપાર્જન માટે પસંદગીના આર્થિક વિકાસના પ્રોજેક્ટ્સને જરૂરિયાત મુજબ માળખાકીય સવલતોના વિકાસ માટે સહયોગ આપવામાં આવશે.

**બ. અન્ય માળખાકીય સવલતો વિકસાવવી:**

૧. સંબંધિત રાજ્યો / જિલ્લાઓ દ્વારા અનુસરવામાં આવી રહેલ ખર્ચ અને ગુણવત્તાના ધારા-ધોરણો રાજ્ય / જિલ્લાઓએ અનુસરવાના રહેશે. આ પ્રવૃત્તિ હેઠળ મંજૂર થયેલ પ્રોજેક્ટ્સ નિર્દિષ્ટ સમય મર્યાદાની અંદર પૂર્ણ કરવાના રહેશે. માળખાકીય સવલતોના વિકાસ માટેના કોઈપણ પ્રોજેક્ટ્સમાં વધુ સમય લાગવાથી અને / અથવા બજેટ કરતા વધુ ખર્ચ કોઈપણ સંજોગોમાં ભારત સરકાર ભોગવશે નહિ અને કામગીરીમાં કોઈ વિલંબ થવાના સંજોગોમાં GFR ની જોગવાઈઓ અનુસાર વર્તવામાં આવશે.

૨. આ માટેના પ્રોજેક્ટ્સમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે:

- આદર્શ ગ્રામ ઘટક હેઠળ પસંદ થયેલ ગામોને અન્ય યોજનાઓમાંથી નાણાંની અછતને લીધે વિલંબિત થયેલ અનિવાર્ય જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે વધારાની સહયોગનું આયોજન કરી શકાશે;
- અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોમાં અતિ આવશ્યક માળખાકીય સવલતોની ઘટ માટે સહયોગ;
- નિવાસી શાળાઓ અથવા પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાનો સાથે સંલગ્ન આવાસીય સુવિધાઓના બાંધકામ જેવા માળખાકીય સુવિધાઓ માટેના પ્રોજેક્ટ્સ;

૩. માળખાકીય સુવિધાઓના વિકાસ માટેના પ્રોજેક્ટ્સમાં એટ્રોસિટી પ્રભાવિત વિસ્તારો અથવા સુવિધા વંચિત જિલ્લાઓને અગ્રતા આપવાની રહેશે.

૪. અનુસૂચિત જાતિ (SC) બહુલ ગામોના સર્વસામાન્ય સામાજિક-આર્થિક સૂચકોમાં સુધાર માટે, કેન્દ્ર / રાજ્ય સરકારની અન્ય યોજનાઓ સાથે એકીકરણ સાધીને નીચેના ક્ષેત્રોમાં માળખાકીય સુવિધા વિકાસ કાર્યક્રમો હાથ ધરી શકાય:

અ. પીવાનું પાણી અને સ્વચ્છતા વિષયક પ્રવૃત્તિઓ

બ. શિક્ષણ

ક. આરોગ્ય અને પોષણ

ડ. સામાજિક સુરક્ષા

ઇ. ગ્રામીણ સડક-રસ્તા અને આવાસ નિર્માણ

ફ. ઇલેક્ટ્રિસિટી (વીજ વ્યવસ્થા) અને નિર્ધુમ બળતણ / ઈંધણ

ગ. ખેત ઉત્પાદન પ્રણાલિઓ વગેરે

હ. નાણાકીય સમાવેશન

ઈ. ડિજિટાઈઝેશન

જ. આજીવિકા, અને

ક. કૌશલ્ય વિકાસ

**૫. નિવાસી શાળાઓ:**

(અ) જિલ્લા / રાજ્યો / કેન્દ્રિય મંત્રાલય નિવાસી શાળાઓ સ્થાપિત કરવા માટે જવાહર નવોદય વિદ્યાલય / એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ સોસાયટી અને એના જેવી અન્ય સરકારી / સ્વાયત્ત સંસ્થા મારફત પ્રસ્તાવ મૂકી શકે છે. જવાહર નવોદય વિદ્યાલય (JNV), એકલવ્ય મોડેલ રેસિડેન્સી સ્કૂલ (EMRS)અને એના જેવી અન્ય સંસ્થાઓમાં પ્રવર્તમાન માળખાકીય સવલતોનો વિસ્તાર કરી આવી શાળાઓમાં અનુસૂચિત જાતિ (SC)ના વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી શકાય એ માટે અનુસૂચિત જાતિ (SC)ની વધુ વસતી ધરાવતા જિલ્લાઓમાં વર્તમાન નિવાસી શાળાઓના વિસ્તરણના પ્રોજેક્ટ્સને અગ્રતા આપવામાં આવશે. વિસ્તારેલ સુવિધાઓનો ઉપયોગ વધારેલ ક્ષમતાના પ્રમાણસર અનુસૂચિત જાતિ (SC)ના વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કરવામાં આવશે.

(બ) મંત્રાલય દ્વારા કેન્દ્રિય સહાય ફક્ત મૂડી ખર્ચાઓ સુધી જ મર્યાદિત રહેશે, કોઈ પુનરાવર્તિત કે અન્ય ખર્ચાઓ મંત્રાલય દ્વારા ભોગવામાં આવશે નહીં. નવી નિવાસી શાળાઓના બાંધકામ અથવા વર્તમાન નિવાસી શાળાઓના વિસ્તરણ માટેની દરખાસ્ત માટે **ખર્ચના ધારા-ધોરણો** સંબંધિત સંસ્થા દ્વારા એ વિસ્તારમાં સ્થાપિત કરવામાં આવી રહેલ અન્ય શાળા માટે લાગું પડતા ખર્ચના ધારા-ધોરણો અનુસાર રહેશે.આ માટેના નાણાં સંબંધિત રાજ્ય / કેન્દ્રિય મંત્રાલયને ચૂકવવામાં આવશે જે ત્યારબાદ સંબંધિત અમલીકરણ એજન્સીને ચૂકવશે.

(ક) મૂડી ખર્ચની રકમ ત્રણ હપ્તામાં છૂટી કરવામાં આવશે. ૨૦% રકમનો પહેલો હપ્તો શાળાની મંજૂરી વખતે ચૂકવવામાં આવશે, જ્યારે બાકીની ૮૦% મૂડી ખર્ચની રકમ એ પછીના વર્ષોમાં કાર્ય પ્રગતિને આધારે બે હપ્તામાં ચૂકવવામાં આવશે. શાળાનું મકાન, છાત્રાલય અને સુવિધાઓના બાંધકામ માટે સંબંધિત રાજ્યની સરકારે વિના મૂલ્યે જમીન ફાળવવાની રહેશે. શાળા / છાત્રાલયના નિભાવ અને ચલાવવાનો ખર્ચ સંબંધિત અમલીકરણ એજન્સીએ ભોગવવાનો રહેશે. શાળામાં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારની ફી કે અન્ય કોઈ રકમ ચૂકવવાની રહેશે નહીં.

(ડ) પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટેની સમય મર્યાદા ૨૭ (સત્તાવીસ) મહિનાની રહેશે.આ સમયગાળામાં પ્રોજેક્ટ ઘડતરથી માંડી પ્રોજેક્ટ પૂર્ણ થવા સુધીની તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ જાય છે. ભાવ વધારો કે અન્ય કોઈ કારણોસર પ્રોજેક્ટ ખર્ચમાં થતો કોઈપણ વધારો મંત્રાલય દ્વારા ચૂકવવાપાત્ર રહેશે નહીં.

**૬. છાત્રાલયો:** પ્રકરણ – ૪ માં વિગતે દર્શાવેલ ધારા-ધોરણો અનુસાર રહેશે.

**ક. શૈક્ષણિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે ખાનગી શિક્ષક દ્વારા વિશેષ શિક્ષણ:**

૧. આ યોજના હેઠળ ધોરણ – ૯ થી ૧૨ ના વર્ગોમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓ માટે ખાનગી શિક્ષકો દ્વારા વિશેષ શિક્ષણ આપવા અંગેના પ્રોજેક્ટ્સ હાથ ધરી શકાશે. તેનાથી વિદ્યાર્થીઓના પરિણામમાં સુધાર લાવવામાં મદદ મળશે તેમજ સ્નાતક કક્ષાના અને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થવાની તકોમાં વધારો થશે.

૨. આ માટે એજન્સીઓની પસંદગી રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર દ્વારા કરવામાં આવશે.

**૮. નાણાં છૂટા કરવા માટેની શરતો અને રકમ:**

અ. પ્રથમ હપ્તાની રકમ છૂટી કરતી વખતે (અનુમાનિત ફાળવણીના ૫૦%), આગળના નાણાકીય વર્ષ માટે ચૂકવવામાં આવેલ રકમનો વપરાશ કર્યા અંગેનું યુટિલાઈઝેશન સર્ટિફિકેટ રજૂ કરવું આવશ્યક છે.

બ. બીજા હપ્તાની રકમ (શેષ ૫૦%) નીચેની શરતોને આધિન ચૂકવવામાં આવશે:

(૧) આગળના નાણાકીય વર્ષમાં ચૂકવવામાં આવેલ રકમ પૈકી ઓછામાં ઓછી ૫૦% રકમ વાપર્યા અંગેનું યુટિલાઈઝેશન સર્ટિફિકેટ રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર દ્વારા રજૂ કરવું.

(૨) છેલ્લા નાણાકીય વર્ષમાં ચૂકવવામાં આવેલ રકમ માટે કાર્ય પ્રગતિ અહેવાલ.

(3) PAC દ્વારા મંજૂર કરવામાં આવેલ પ્રવૃત્તિ-વાર વાર્ષિક કાર્ય યોજના.

ક. પ્રકરણ – ૬માં જણાવ્યા મુજબ નાણાંની ચૂકવણી નાણાં મંત્રાલય દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી પ્રવર્તમાન સૂચનાઓને આધિન રહેશે.

**૯. પ્રોજેક્ટ તૈયાર કરવા, મૂલ્યાંકન કરાવવા અને મંજૂર કરાવવા માટેની સમયસીમા:**

આ યોજના હેઠળ પ્રોજેક્ટ્સ તૈયાર કરવા, તેનું મૂલ્યાંકન કરાવવા અને મંજૂર કરાવવા માટે નીચેની સમયમર્યાદાનું પાલન કરવાનું રહેશે:-

| અનુ. નં. | યોજના હેઠળ પ્રસ્તાવિત પ્રવૃત્તિ / કામગીરી | નિર્ધારિત સમય મર્યાદા |
|---|---|---|
| ૧. | રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારોને સૂચવ્યા મુજબ ‘સહાયક અનુદાન’ ઘટક હેઠળ અનુમાનિત ફાળવણી | ફેબ્રુઆરીના ૧લા સપ્તાહ દરમિયાન |
| ૨. | જિલ્લા / રાજ્ય કક્ષાના પોર્ટલ પર છાત્રાલય સહિતની દરખાસ્તો અપલોડ કરવાનું શરૂ કરવું | ૧૫મી જાન્યુઆરી સુધી |
| 3. | જિલ્લા કક્ષાની મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (DL – PACC) દ્વારા મૂલ્યાંકન અને મંજૂરી તેમજ વેબ પોર્ટલ પર અપલોડ કરવી | ૩૧મી જાન્યુઆરી સુધી |
| ૪. | અપલોડ કરેલ પ્રોજેક્ટ્સનું રાજ્ય કક્ષાની મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (SL – PACC) દ્વારા મૂલ્યાંકન, મંજૂરી અને અગ્રતાક્રમ નક્કી કરવો | ૧૫મી ફેબ્રુઆરી સુધી |
| ૫. | રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા સંપૂર્ણ વાર્ષિક કાર્ય યોજના પોર્ટલ પર અપલોડ કરવી | ૨૫મી ફેબ્રુઆરી સુધી |
| ૬. | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં પ્રોજેક્ટ મૂલ્યાંકન સમિતિ (PAC) દ્વારા મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે | ૨૮મી ફેબ્રુઆરીથી ૭મી માર્ચ |

| | | |
|---|---|---|
| ૭. | પ્રોજેક્ટ મૂલ્યાંકન સમિતિ (PAC)ની બેઠકની કાર્યવાહી નોંધ PM – AJAY ના વેબ પોર્ટલ પર અપલોડ કરવી | ૧૫મી માર્ચ સુધી |
| ૮. | ભારત સરકાર દ્વારા અનુદાનની પ્રથમ હપ્તાની રકમ છૂટી કરવી | એપ્રિલના ૧લા સપ્તાહ દરમિયાન |
| ૯. | સહાયક અનુદાન ઘટક હેઠળ બીજા હપ્તાની રકમ છૂટી કરવી | પ્રોજેક્ટ મૂલ્યાંકન સમિતિ (PAC) દ્વારા મંજૂરી મળ્યેથી અને યુટિલાઈઝેશન સર્ટિફિકેટ, વણવપરાયેલ શેષ રકમ, નાણાં મંત્રાલયની સૂચનાઓના સંદર્ભમાં તમામ શરતોનું પાલન કરવામાં આવ્યેથી |

## પ્રકરણ – ૪

## અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોનું બાંધકામ / સમારકામ (છોકરાઓ અને છોકરીઓ માટે)

**૧. પ્રસ્તાવના:**

છાત્રાલયોનું બાંધકામ એ અનુસૂચિત જાતિ (SC) ના વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી શકે એ માટે તેમને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા માટેના સાધનો પૈકીનું એક છે. આવા છાત્રાલયો દેશના ગ્રામીણ અને દૂર-સુદૂરના વિસ્તારોમાંથી આવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આશિર્વાદરૂપ છે. જો કે અનુસૂચિત જાતિ (SC)ની વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલય બાંધકામનો ઘટક ત્રીજી પંચવર્ષીય યોજના (૧૯૬૧-૬૬) થી અમલમાં છે, જ્યારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વર્ષ ૧૯૮૯-૯૦ થી તે અમલમાં છે.

**૨. હેતુઓ:**

યોજનાના આ ઘટકનો હેતુ ખાસ કરીને શાળામાં અધવચ્ચેથી ઉઠી જતી અનુસૂચિત જાતિ (SC) ના વિદ્યાર્થીનીઓનું પ્રમાણ ઘટાડવાનો અને શાળામાં તેમની હાજરી જાળવી રાખવાનો છે.

**૩. યોજનાનું કાર્યક્ષેત્ર:**

આ ઘટક હેઠળ લક્ષિત જૂથના વિદ્યાર્થીઓને નિવાસની સુવિધાઓ પૂરી પાડવા માટે નવા છાત્રાલયોનું બાંધકામ (છોકરાઓ અને છોકરીઓ માટે અલાયદા છાત્રાલયો) તેમજ આ ઘટક હેઠળ બાંધવામાં આવેલ હાલમાં ચાલુ છાત્રાલયો {અગાઉની બાબુ જગજીવન રામ છાત્રાવાસ યોજના (BJRCY)હેઠળ બાંધવામાં આવેલ છાત્રાલયો સહિત)ના સમારકામને આવરી લેવામાં આવે છે.

**૪. પાત્રતા અને અમલીકરણ એજન્સીઓ:**

૪.૧ પાત્રતા: ભારત સરકારના નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) અનુસાર અગ્રણી રેન્ક ધરાવતા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાનો તેમજ અન્ય કેન્દ્રિય સંસ્થાનો (જેમ કે CIPET, આ મંત્રાલય દ્વારા સંચાલિત સંસ્થાઓ વગેરે) અને કેન્દ્ર / રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્રો દ્વારા પૂર્ણત: કે આંશિક અનુદાન મેળવતી રાજ્યની સંસ્થાઓ આ ઘટક હેઠળ નાણાકીય સહાય મેળવવા માટે પાત્ર ગણાશે.એ જ રીતે રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર દ્વારા પૂર્ણત: કે આંશિક નાણાકીય સહાય મેળવતી અને સંબંધિત રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકાર દ્વારા ભલામણ કરવામાં આવેલ શાળાઓ પણ આ માટે પાત્ર ગણાશે.

**૪.૨ અમલીકરણ એજન્સીઓ:** જિલ્લા / રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશોના વહીવટીતંત્ર તેમજ કેન્દ્રિય / રાજયની યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ આ ઘટક માટે અમલીકરણ એજન્સીઓ બનશે. અમલીકરણ એજન્સીઓને – નવા છાત્રાલયોના બાંધકામ માટે તેમજ હાલમાં ચાલુ છાત્રાવાસની સુવિધાઓ વિસ્તારવા માટે અથવા અગાઉની BJRCY યોજના હેઠળ બાંધવામાં આવેલ છાત્રાલયો સહિત આ ઘટક હેઠળ બાંધવામાં આવેલ છાત્રાલયોના સમારકામ માટે આ ઘટકની જોગવાઈઓ અનુસાર કેન્દ્રિય સહાય આપવામાં આવશે.

**૫. દરખાસ્તો રજૂ કરવી**

અ. શાળાઓમાં તેમજ રાજયની યુનિવર્સિટીઓ અથવા સંસ્થાનોમાં છાત્રાલયોના બાંધકામ / વિસ્તરણ / સમારકામ માટેની દરખાસ્તો ખાસ આ હેતુ માટે બનાવેલ પોર્ટલ પર સંબંધિત રાજ્ય સરકાર / કેન્દ્ર શાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા મંત્રાલયને રજૂ કરવાની રહેશે. છાત્રાલય માટેની દરખાસ્તો વાર્ષિક કાર્ય યોજનાનો ભાગ ગણાશે નહિ, આમ છતાં આ હેતુ માટેના નાણાં આ યોજનાના સહાયક અનુદાન ઘટક હેઠળ કરવામાં આવેલ ફાળવણી સામે આપવામાં આવશે. આ ઘટક હેઠળ માત્ર અગ્રિમ ગુણવત્તાના સંસ્થાનોને જ નાણાકીય સહાય મળે એ સુનિશ્ચિત કરવા માટે NIRF અનુસાર અગ્રણી રેન્ક ધરાવતી ઉચ્ચ શિક્ષણ માટેની સંસ્થાઓ તેમજ રાજ્યની અન્ય સંસ્થાઓને ગણતરીમાં લેવામાં આવશે.

બ. નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)દ્વારા રેન્ક આપવામાં આવેલ અગ્રણી શૈક્ષણિક સંસ્થાનો, કેન્દ્રિય યુનિવર્સિટી અથવા સંસ્થાનો તેમજ કેન્દ્ર સરકાર પાસેથી પૂર્ણત: કે આંશિક નાણાકીય અનુદાન મેળવતી અન્ય સંસ્થાઓ (જેમ કે CIPET, આ મંત્રાલયના નિયંત્રણ હેઠળ સંચાલિત સંસ્થાઓ વગેરે)એ જરૂરી તમામ દસ્તાવેજો સાથે તેમની દરખાસ્તો ખાસ આ હેતુ માટે બનાવેલ ઓનલાઈન વેબ-પોર્ટલ મારફતે રજૂ કરવાની રહેશે. આ દરખાસ્તો રજૂ કર્યા પછી તેની પ્રિન્ટ આઉટ મેળવી લઈ જરૂરી તમામ દસ્તાવેજો સાથે સંબંધિત મંત્રાલય / વિભાગને મોકલવાની રહેશે, જેઓ ત્યારબાદ આ યોજના હેઠળ સહાયક અનુદાનની રકમ છૂટી કરવા માટે તેમની ભલામણ સહિત આ દરખસ્તને આ મંત્રાલયને મોકલી આપશે.

ક. નવા છાત્રાલયોના બાંધકામ માટેની આવી તમામ દરખાસ્તો જિલ્લા / રાજ્ય અથવા સંબંધિત કેન્દ્રિય / રાજ્યના સંસ્થાનો પૈકી જે લાગું પડતું હોય તેમના દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વગ્રાહી જરૂરિયાત આકલન પર આધારિત રહેશે.

૬. સામાન્ય શરતો:

અ. નવા છાત્રાલયોનું બાંધકામ:

૧. નવા છાત્રાલયોનું બાંધકામ / ચાલું છાત્રાલયોનું વિસ્તરણનું આયોજન કરતી વખતે નવા છાત્રાલય બાંધકામ અંગે વિચારણા કરતા પહેલા અમલીકરણ એજન્સી દ્વારા લક્ષિત જૂથના લાભાર્થીઓનો જરૂરિયાત આધારિત મૂલ્યાંકન સર્વે હાથ ધરવો અનિવાર્ય છે. આવા કોઈ સર્વે વિના કેન્દ્ર સરકાર દ્વારા આ દરખાસ્તો પર વિચારણા કરવામાં આવશે નહીં. વધુમાં, અનુસૂચિત જાતિ (SC) ની વસતી ૧૫% અને તેથી વધુ હોય એવા વિસ્તારો અને અનુસૂચિત જાતિ(SC)ના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની પર્યાપ્ત સુવિધાઓ નહિ ધરાવતા વિસ્તારોને પસંદગીમાં અગ્રતા આપી શકાશે.

૨. છાત્રાલયોના બાંધકામ માટે શાળાઓની પસંદગી કરતી વખતે રાજ્ય સરકાર સારા શૈક્ષણિક પરિણામો આપતી એવી સરકારી શાળા / કોલેજને અગ્રતા આપશે જેને હાલમાં કોઈ છાત્રાલય નથી.

૩. છોકરીઓ માટેના છાત્રાલયના કિસ્સામાં, છાત્રાલય એવા વિસ્તારમાં આવેલ હશે જ્યા અનુસૂચિત જાતિ(SC) ની મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે. છોકરીઓ માટેનું છાત્રાલય સંબંધિત શૈક્ષણિક સંસ્થાની આજુબાજુના વિસ્તારમાં બનાવવામાં આવશે.

૪. છાત્રાલય ફરતેની સંરક્ષણ દિવાલોનું બાંધકામ, છાત્રાલયના વૉર્ડન માટે બે રૂમ અને એક રૂમ વોચમેન / મહિલા સુરક્ષા કર્મી એ આ ઘટકનો જ એક ભાગ રહેશે.

૫. છાત્રાલયના બાંધકામ / વિસ્તરણ માટે અમલીકરણ એજન્સીને વિના મૂલ્યે અનુકૂળ જગ્યાએ જમીન ફાળવવામાં આવશે,જે જગ્યાએ છાત્રાલયનું બાંધકામ / વિસ્તરણ કરવાનું છે એ જગ્યાની માલિકી અથવા ભોગવટાના પુરાવા / દસ્તાવેજો રજૂ કરવા અને તેની ખાતરી કરાવવી ફરજિયાત છે કે એ જગ્યા તેમના વાસ્તવિક કબજામાં છે. તેમણે એ પ્રમાણિત કરવાનું રહેશે કે આ જમીન ઉપર કોઈ દબાણ કે પેશકદમી નથી તેમજ કોઇપણ તકરાર કે વિવાદરહિત છે.

૬. બાંધકામ કરેલ છાત્રાલયને કાર્યરત કરવાની અને તેની પ્રવૃત્તિઓના મોનિટરીંગની જવાબદારી રાજ્ય સરકાર / કેન્દ્રિય સંસ્થાનની રહેશે.

૭. છોકરીઓ માટેના છાત્રાલયના કિસ્સામાં સંબંધિત અમલીકરણ એજન્સીએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે મહિલા વૉર્ડન અને મહિલા સુરક્ષા કર્મી ૨૪ કલાક છાત્રાલયમાં ઉપલબ્ધ રહે.

૮. કેન્દ્ર / રાજ્યના સંબંધિત મંત્રાલયો / વિભાગોની યોજનાઓ સાથેના એકીકરણમાં રહી વિદ્યાર્થીઓ માટે છાત્રાવાસની અંદર કોચીંગ આપવું, તબીબી સારવાર, નિયમિત સમયાંતરે આરોગ્ય કેમ્પ,IT શિક્ષણ, ખેલકૂદ પ્રશિક્ષણ, વગેરે આપવામાં આવી શકે.

૯. વિદ્યાર્થીઓના નિભાવના સંદર્ભમાં, આ અંગેનો ખર્ચ કેન્દ્ર / રાજ્યના સંબંધિત મંત્રાલયો / વિભાગોની યોજનાઓ સાથેના એકીકરણમાં રહી પૂરો કરી શકાશે.

૧૦. છાત્રાલય દીઠ વિદ્યાર્થીઓને એમાં સમાવવાની ક્ષમતા સામાન્ય રીતે ૧૦૦ વિદ્યાર્થીઓ કરતા વધવી જોઈએ નહીં. અપવાદરૂપ સંજોગોમાં, વધુ ક્ષમતાવાળા (વધુમાં વધુ ૨૫૦ વિદ્યાર્થીઓ) છાત્રાલય અંગે વિચારણા કરી શકાશે. છાત્રાલયના પ્રત્યેક રૂમમાં ૨ – ૩ વિદ્યાર્થીઓને રાખવાના રહેશે. આ યોજના હેઠળ બનાવવામાં આવેલ છાત્રાલયમાં એક રૂમમાં એક વિદ્યાર્થીને રાખવાના રહેશે નહીં.

૧૧. છાત્રાલયના અમુક રૂમ કોઈપણ જાતની રૂકાવટ વિના એમાં આવ-જા કરી શકાય એવા રાખવાના રહેશે તેમજ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની સાનુકૂળતા માટે બાંધકામની ડિઝાઈનમાં રેમ્પ (રૂમમાં આવ-જા કરવા માટે ઢાળવાળો માર્ગ) વગેરે જેવી સુવિધાઓ આવરી લેવાની રહેશે.

૧૨. છાત્રાલય બાંધકામ / વિસ્તરણ માટેની દરખાસ્તની સાથે સંબંધિત શૈક્ષણિક સંસ્થાના પ્રવર્તમાન હાજરીપત્રકમાં નોંધાયેલ લક્ષિત જૂથમાં આવતા વિદ્યાર્થીઓની વિગતવાર યાદી અને અનામતના ધારા-ધોરણોના અમલીકરણ માટેની કાર્ય યોજનાના સંદર્ભમાં સંસ્થાની નિર્દિષ્ટનીતિઅને પ્રતિબદ્ધતાની એક નકલ અનિવાર્યપણે સાથે સામેલ રાખવી. આ વિગતો સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની ચકાસણીને આધિન રહેશે.

**બ. પ્રવર્તમાન છાત્રાલયોનું સમારકામ:**

૧. વેબ-પોર્ટલ મારફતે નિયત ઓનલાઇન પત્રકમાં દરખાસ્ત મળ્યા પછી છાત્રાલયના સમારકામ માટે કેન્દ્રિય સહાયની રકમ છૂટી કરવામાં આવશે.

૨. જાહેર બાંધકામ વિભાગ (PWD) / કેન્દ્રિય જાહેર બાંધકામ વિભાગ (CPWD) / કેન્દ્ર અથવા રાજ્ય સરકારની બાંધકામ એજન્સીઓ પૈકી લાગું પડતી સંસ્થા દ્વારા ચકાસણી કરાયેલ વિગતવાર ખર્ચના અંદાજો અનિવાર્યપણે આવી દરખાસ્તોની સાથે સામેલ રાખવાના રહેશે અને તે રાજ્ય સરકારના SOR અનુસાર હોવા જોઈએ.

૩. છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વિગતવાર યાદી પણ દરખાસ્ત સાથે બીડવાની રહેશે.

૪. દરખાસ્ત રજૂ કરતી વખતે છાત્રાલય કાર્યરત હોવું અનિવાર્ય છે અને છાત્રાલય માટે મંજૂર થયેલ છાત્રવાસીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૫૦% એમાં રહેતા હોવા જોઈએ, જેમાંથી ઓછામાં ઓછા ૭૦% વિદ્યાર્થીઓ અનુસૂચિત જાતિ (SC)ના હોવા જોઈએ.

૫. છોકરીઓ માટેના છાત્રાલયમાં મહિલા વૉર્ડન અને મહિલા સુરક્ષા કર્મીને રાખવા અનિવાર્ય છે. તેઓ (મહિલા વૉર્ડન અને મહિલા સુરક્ષા કર્મી) ૨૪ કલાક છાત્રાલયમાં ઉપલબ્ધ રહેશે તેની ખાતરી આપતી બાંહેધરી અમલીકરણ એજન્સીએ આપવાની રહેશે.

**૭. ખર્ચના ધોરણો:**

અ. છાત્રાલયો માટે વિભાગ નીચેની વિગતે દર્શાવેલ ધારા-ધોરણો અનુસાર ૧૦૦% નાણાકીય સહાય આપશે. છાત્રાલયના બાંધકામ / સમારકામ માટે મળવાપાત્ર કેન્દ્રિય સહાયની રકમ ઉપરાંત કરેલ ખર્ચની કોઈપણ રકમ સંબંધિત અમલીકરણ એજન્સીએ પોતાના બજેટમાંથી ભોગવવાની રહેશે.

બ. બાંધકામ માટે: છાત્રાલયોના બાંધકામ / સમારકામ માટે ખર્ચના ધારા-ધોરણો નીચે મુજબ રહેશે:

| | | |
|---|---|---|
| ૧. ઉત્તર પૂર્વીય પ્રદેશ | : | રૂ. ૩.૫૦ લાખ પ્રતિ છાત્રવાસી |
| ૨. ઉત્તરીય હિમાલયન પ્રદેશો* | : | રૂ. ૩.૨૫ લાખ પ્રતિ છાત્રવાસી |
| ૩. દેશના બાકીના ભાગો | : | રૂ. ૩.૦૦ લાખ પ્રતિ છાત્રવાસી |

*જમ્મુ અને કાશ્મીર, લદાખ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ

ક. ઘટક હેઠળ મળવાપાત્ર કેન્દ્રિય સહાયની રકમ ઉપરાંત, દરેક વિદ્યાર્થી માટે પલંગ, ટેબલ - ખુરશી તેમજ ટેલીવિઝન, કમ્પ્યુટર, રસોડાના સાધનો વગેરેની વ્યવસ્થા કરવા માટે એક

વખત વિદ્યાર્થી દીઠ રૂ. ૫૦૦૦/- અનુદાન આપવામાં આવશે. આ એક વખતનું અનુદાન મંજૂર થયેલ યોજના મુજબ છાત્રાલયના બાંધકામ માટે સરકાર દ્વારા આપવામાં આવેલ કેન્દ્રિય સહાયની રકમનો વપરાશ થઈ જાય એ પછી ચૂકવવામાં આવશે.

ડ. છાત્રાલયોનું સમારકામ: છાત્રાલયોના સમારકામ માટે કેન્દ્રિય સહાયની રકમ અમલીકરણ એજન્સીઓને છાત્રાલયો કાર્યરત થઈ ગયા પછી દર પાંચ વર્ષે એકવાર ચૂકવવામાં આવશે. એ માટેની મર્યાદા ૫૦ છાત્રવાસની એક છાત્રાલય માટે મહત્તમ રૂ. ૫.૦૦ લાખ, ૧૦૦ છાત્રવાસ માટે રૂ. ૧૦.૦૦ લાખ અને ૧૫૦ છાત્રવાસ માટે રૂ. ૧૫.૦૦ લાખ એ રીતે રહેશે.

**૮. સમય મર્યાદા:**

છાત્રાલયનું બાંધકામ પ્રોજેક્ટ મંજૂર થયાની તારીખથી ૨૭ (સત્તાવીસ) મહિનાની અંદર પૂર્ણ કરવાનું રહેશે જેમાં બાંધકામ પહેલાની પ્રવૃત્તિઓ માટેનો સમયગાળો પણ સામેલ છે. કેન્દ્રિય સહાયની રકમ છૂટી કરવા માટેની દરખાસ્ત રજૂ કરતી વખતે અમલીકરણ એજન્સીએ બાંધકામ પૂર્ણ કરવા માટેની એક સમય મર્યાદા આપવાની રહેશે જે કોઈપણ સંજોગોમાં નિર્ધારિત સમય મર્યાદા કરતા વધુ હોવી જોઈએ નહીં. માળખાકીય સવલતોના વિકાસ માટેના કોઈપણ પ્રોજેક્ટ્સમાં વધુ સમય લાગવાથી અને / અથવા બજેટ કરતા વધુ ખર્ચ કોઈપણ સંજોગોમાં મંત્રાલય ભોગવશે નહિ અને કામગીરીમાં કોઈ વિલંબ થવાના સંજોગોમાં GFR ની જોગવાઈઓ અનુસાર વર્તવામાં આવશે.

**૯. ખાસ જોગવાઈઓ:**

અ. અનુદાનની રકમ છૂટી કરવામાં આવ્યા પછી, નવા છાત્રાલયનું બાંધકામ કરવાનું છે એ જગ્યામાં વિવાદ કે તકરાર વગેરેને કારણે જો કોઈ ફેરફાર થાય છે તો અમલીકરણ એજન્સીએ પ્રસ્તાવિત નવી જગ્યાના જરૂરી જમીન દસ્તાવેજો સાથે પ્રસ્તાવ રજૂ કરવાનો રહેશે. જગ્યામાં ફેરફાર અંગે જ્યાં સુધી સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની મંજૂરી મળે નહિ ત્યાં સુધી અમલીકરણ એજન્સી કેન્દ્રિય સહાયની છૂટી કરવામાં આવેલ રકમનો ઉપયોગ કરી શકશે નહીં.

બ. આ યોજના હેઠળ કેન્દ્રિય સહાય માટે દરેક રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશ દ્વારા છાત્રાલયની દરખાસ્ત મંજૂરી માટે ખર્ચના ધારાધોરણો સાથેની એક માનક (સ્ટાન્ડર્ડ) ડિઝાઈન માપદંડ તરીકે વિકસાવવાની રહેશે.

ક. આ યોજના હેઠળ બનાવવામાં આવેલ છાત્રાલયોમાં સંબંધિત શૈક્ષણિક સંસ્થાએ ૭૦% અનામત અનુસૂચિત જાતિ (SC)ના વિદ્યાર્થીઓ માટે રાખવાની રહેશે. હાલની યોજનાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને જાતિના આધારે વિભાજિત કરવાનો નથી, પરંતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સકારાત્મક શૈક્ષણિક વાતાવરણના નિર્માણ સાથે અન્ય સમુદાયના વિદ્યાર્થીઓ સાથે તેમને સમાવી એક સંકલિત અને સર્વસમાવેશી વિદ્યાર્થી વ્યવસ્થાનું નિર્માણ કરવાનો છે.

ડ. જેમના માતાપિતા કાં તો 'સફાઈ કર્મચારી' છે અથવા અસ્વચ્છ વ્યવસાય સાથે જોડાયેલ છે એવા વિદ્યાર્થીઓને છાત્રાલયમાં આવાસ ફાળવવામાં અગ્રતા આપવાની રહેશે.

ઇ. છાત્રાલયની સુવિધાઓનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી અથવા ચાર્જિસ લેવાના રહેશે નહીં.

ફ. અમલીકરણ એજન્સીએ નિયમિત રીતે છાત્રાલય બાંધકામની કામગીરીનું સઘન નિરીક્ષણ કરવાનું રહેશે અને પ્રગતિ અહેવાલ ઓનલાઈન પોર્ટલ મારફતે રજૂ કરવાનો રહેશે.

ગ. અમલીકરણ એજન્સીએ છાત્રાલયમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે છાપાઓ, ટેલીવિઝન વગેરે દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે. છાત્રવાસીઓ માટે ફરિયાદનું નિરાકરણ લાવવા સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના તાબા હેઠળ એક ફરિયાદ નિવારણ વ્યવસ્થાતંત્ર વિકસાવવાનું રહેશે.

હ. અમલીકરણ એજન્સીએ તેની સંબંધિત રાજ્ય સરકાર / વહીવટી મંત્રાલય / વિભાગ મારફતે છાત્રાલયમાં પ્રવેશ આપેલ છાત્રવાસની ટકાવારી, છાત્રાલયમાં ઉપલબ્ધ સુવિધાઓ (છોકરીઓ માટેના છાત્રાલયમાં મહિલા વૉર્ડન અને મહિલા સુરક્ષા કર્મી સહિત), વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતાના પરિણામો વગેરે અંગે સમયાંતરે અહેવાલો રજૂ કરવાના રહેશે.

**૧૦. નાણાં છૂટા કરવા:**

અ. છાત્રાલય મકાનના બાંધકામ / સમારકામ માટે:

૧. કેન્દ્રિય સહાયની રકમનો પ્રથમ હપ્તો એટલે મંજૂર થયેલ રકમના ૫૦% પ્રોજેક્ટ મંજૂર કરતી વખતે અમલીકરણ એજન્સીને ચૂકવવામાં આવશે.

૨. ઓછામાં ઓછું છત સુધીનું બાંધકામ પૂર્ણ થઈ ગયા પછી સાઈટના ફોટોગ્રાફ્સ સહિતનો ભૌતિક અને નાણાકીય કાર્ય પ્રગતિ અહેવાલ મળ્યેથી અને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા અમલીકરણ એજન્સીને ચૂકવવામાં આવેલ સહાયક અનુદાનની પ્રથમ હપ્તાની રકમનો પૂરેપૂરો ઉપયોગ થઈ ગયા પછી બીજા અને છેલ્લા હપ્તાની રકમ છૂટી કરવામાં આવશે.

૩. પલંગ, ટેબલ વગેરે માટે એક વખતના અનુદાનની રકમ છાત્રાલય બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી અહીં ઉપરોક્ત ફકરા નં. ૭ (ક) માં સૂચવ્યા મુજબ છૂટી કરવામાં આવશે.

બ. છાત્રાલયોના સમારકામ માટે: આ પેટા ઘટક હેઠળની રકમ સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા મંજૂરી મળ્યા પછી એક હપ્તામાં ચૂકવવામાં આવશે.

**૧૧. છાત્રાલયો માટે કલર કોડીંગ:** છાત્રાલયો પહેલી નજરે ઓળખી શકાય એ માટે, આ ઘટક હેઠળ મંજૂર થયેલ છાત્રાલયોના મકાન માટે કલર કોડીંગ છોકરીઓ માટેના છાત્રાલયનો રંગ 'ગુલાબી' અને છોકરાઓ માટેના છાત્રાલયનો રંગ 'ઘાટો ગ્રે'એટલે કે ઘાટો રાખોડી રંગ રહેશે.

## પ્રકરણ – ૫

## આકલન, મોનિટરીંગ, મૂલ્યાંકન અને સામાજિક અન્વેષણ

### ૧. કેન્દ્રિય અને રાજ્ય કક્ષાએ સલાહકાર સમિતિ:

અ. યોજનાના સમગ્રતયા માર્ગદર્શન અને મોનિટરીંગ માટે કેન્દ્રિય અને રાજ્ય કક્ષાએ સલાહકાર સમિતિઓ બનાવવામાં આવશે. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના કેન્દ્રિય પ્રધાનના વડપણ હેઠળ કેન્દ્રિય કક્ષાની સલાહકાર સમિતિ કામ કરશે. રાજ્ય કક્ષાની સલાહકાર સમિતિની વડા સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી રહેશે. આ સમિતિઓમાં સંબંધિત મંત્રાલયો / વિભાગો અને સંસ્થાના પ્રતિનિધિઓ ઉપરાંત યોગ્ય સંખ્યામાં જાહેર પ્રતિનિધિઓ સભ્યો તરીકે રહેશે.

બ. સલાહકાર સમિતિની બેઠક વર્ષમાં એક વાર મળશે અને તેના કાર્યો નીચે મુજબ રહેશે:

૧. નીતિ સંબંધિત વ્યાપક સમસ્યાઓનું સમાધાન અને યોજનાની સામાજિક-આર્થિક અસરોનું મૂલ્યાંકન,

૨. યોજનાનું અમલીકરણ અને મોનિટરીંગ, અને

૩. જો જરૂર લાગે તો વખતો વખત પૂરક કે વધારાની અમલીકરણ ગાઈડલાઈન્સ ઈસ્યુ કરવી.

ક. કેન્દ્રિય અને રાજ્ય કક્ષાની સલાહકાર સમિતિઓની રચના પરિશિષ્ટ – ૨ માં આપેલ છે.

### ૨. કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ(PACC):

અ. આ યોજનાના સફળ અમલીકરણ માટે પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC) મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને તમામ સ્તરે એકીકરણ સહિત વાર્ષિક કાર્ય યોજનાના મૂલ્યાંકન, તેના અમલીકરણ તેમજ મોનિટરીંગ માટે જવાબદાર રહેશે.

બ. કેન્દ્રિય કક્ષાની પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC)ના વડા તરીકે સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે અને આ યોજના હેઠળ જેમની સાથે એકીકરણ કરવું જરૂરી બનશે એવા અન્ય સંબંધિત કેન્દ્રિય મંત્રાલયો / વિભાગોમાંથી તેના સભ્યો રહેશે.

ક. એવી રીતે, રાજ્ય કક્ષાની પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC)ના વડા તરીકે અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે અને આ યોજના હેઠળ જેમની સાથે એકીકરણ કરવું જરૂરી બનશે એવા અન્ય સંબંધિત કેન્દ્રિય મંત્રાલયો / વિભાગોમાંથી તેના સભ્યો રહેશે. આ સમિતિ વાર્ષિક કાર્ય યોજના હેઠળ સમાવવાના પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન અને તેની અગ્રતા પણ નક્કી કરશે.

ડ. જિલ્લા કક્ષાની પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (DLPACC)ના વડા તરીકે જિલ્લા કલેક્ટર રહેશે અને અન્ય સંબંધિત વિભાગોમાંથી સભ્યો તરીકે રહેશે.

૩. **ગ્રામ્ય કક્ષાની એકીકરણ સમિતિ (VLCC):** ગ્રામ્ય કક્ષાની એકીકરણ સમિતિના વડા તરીકે ગામના સરપંચ / પ્રધાન રહેશે અને ગ્રામ પંચાયતના અનુસૂચિત જાતિ (SC)ના તમામ સભ્યો બીજા સંબંધિત સહાયક કર્મીઓ જેમ કે આંગણવાડી વર્કર્સ (AWWs), આશા વર્કર્સ વગેરે તેના સભ્યો તરીકે રહેશે. સામાન્ય રીતે ગામની પંચાયતમાંથી અનુસૂચિત જાતિ (SC)ના એક સભ્ય આ સમિતિની મદદ કરવા માટે રહેશે, જેઓ સમિતિના સભ્ય-સચિવશ્રી પણ રહેશે.

૪. **PACC અને VLCC ની રચના:**PACC અને VLCC ની સૂચિત રચના પરિશિષ્ટ –૩ અનુસાર રહેશે. જો કે કોઈ સભ્યોને અંદર સમાવવા કે બહાર રાખવા અંગે કોઈ બાધ નથી, જો સમિતિના અધ્યક્ષને મતે અને યોજનાના હિતમાં એમ કરવું જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય કક્ષાની સમિતિની બેઠક વર્ષમાં એક વાર મળશે, જ્યારે જિલ્લા અને ગ્રામ્ય કક્ષાની સમિતિની બેઠક દર ત્રણ મહિને એક વાર અથવા યોજનાનો નિર્વિઘ્ન અમલ સુનિશ્ચિત કરવા જરૂરિયાત અનુસાર મળશે.

૫. **અમલીકરણ અને મોનિટરીંગ:**

અ. જુદી જુદી કક્ષાની સમિતિઓ દ્વારા વખતોવખત આ યોજનાના વિવિધ ઘટકો હેઠળની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

બ. મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS – માહિતી સંચાલન વ્યવસ્થા) સ્થાપિત કરવી:

૧. યોજનાના અસરકારક અમલીકરણ અને મોનિટરીંગ માટે યોજનાના દરેક ઘટકનો રીયલ ટાઈમ આધારે ડેટા એકત્ર કરવા માટે એક કેન્દ્રિયકૃત MIS પોર્ટલ અમલમાં મૂકવામાં આવશે. આ MIS માં રીયલ ટાઈમ આધાર પર ઘટ કે ત્રૂટિ વિશ્લેષણ, યોજના તૈયાર કરવી, મૂલ્યાંકન, કાર્ય પ્રગતિ અને મોનિટરીંગને લગતી આંકડકીય માહિતી (ડેટા) એકત્ર કરવાની સુવિધા રહેશે. તેમાં પસંદગીના

પ્રોજેક્ટ્સની ભૌતિક અને નાણાકીય પ્રગતિને નોંધવા માટેની સવલત પણ રહેશે. આ MIS ને સરકારના વિવિધ ડેશબોર્ડ સાથે લિન્ક કરવામાં આવશે.

૨. તકનિકી કૌશલ્ય ધરાવતા કર્મચારીઓથી બનેલા ટેકનિકલ સપોર્ટ ગ્રુપ (TSG) દ્વારા આ MIS ને કુશળતાપૂર્વક સંચાલિત કરવામાં આવશે. મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS) પોર્ટલ પર ભૌતિક અને નાણાકીય પ્રગતિના અહેવાલ અપલોડ કરવા ઉપરાંત, રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશોએ વણવપરાયેલ શેષ રકમ, નાણાકીય વર્ષ દરમિયાન વિવિધ પ્રોજેક્ટ્સ હેઠળ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નાણાકીય જરૂરિયાત, દરેક ઘટક હેઠળ પ્રત્યેક વર્ષ માટે BE, RE અને ખર્ચની વિગતો પોર્ટલ પર દર્શાવવી આવશ્યક રહેશે.

3. યોજનાના અમલીકરણ માટે જવાબદાર તમામ સ્તરના વ્યક્તિઓ માટે રાજ્ય, જિલ્લા અને ગ્રામ્ય કક્ષાએ વખતો વખત MIS સિસ્ટમ અંગે જરૂરી તાલીમ સત્રો આયોજિત કરવામાં આવશે.

ક. પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU):

૧. આ યોજનાના અસરકારક અમલીકરણ અને મોનિટરીંગ માટે, અમલીકરણના દરેક તબક્કે અધિકારીઓની મદદ કરવા માટે રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU) સ્થાપિત કરવામાં આવશે. જિલ્લા કક્ષાનું પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU) જરૂરિયાત આકલન, એકીકરણ, ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવી અને તેની મંજૂરી, સમયસર નાણાં છૂટા કરવા, પ્રગતિ,મોનિટરીંગ,રિપોર્ટીંગ તેમજ ગ્રામ સભા યોજાવી વગેરે મોનિટર કરશે, એટલે કે યોજનાના ‘આદર્શ ગ્રામ’ ઘટકનો નિર્વિઘ્ને અને સમયસર અમલ કરવા માટે જરૂરી તમામ પગલાં તેમજ જિલ્લા કક્ષાએ સહાયક અનુદાન ઘટક હેઠળ મંજૂર થયેલ ‘વાર્ષિક કાર્ય યોજના’ના યોગ્ય અમલીકરણ પર નજર રાખશે.

૨. પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU)માં જરૂરિયાત આકલન, પ્રોજેક્ટ સંચાલન, માહિતી વિશ્લેષણ અને સોફ્ટવૅર ડેવલપમેન્ટ, સંચાલન જેવા વિવિધક્ષેત્રે પર્યાપ્ત અનુભવ ધરાવતી વ્યક્તિઓ તેમજ સામાજિક જાગરૂકતા પ્રત્યે ઉંચા વલણો ધરાવતા અમુક યુવા વ્યવસાયિકો તેમજ અનુસૂચિત જાતિ (SC) વર્ગની વ્યક્તિઓને સમાવવામાં આવશે. PIU નું કદ અને રચના વહીવટી સદર હેઠળ ઉપલબ્ધ નાણાં,PMAJAY હેઠળ આવરી લેવાના ગામોની સંખ્યા તેમજ યોજના

હેઠળ અમલમાં મૂકવામાં આવનાર પ્રોજેક્ટ્સના કદ અને પ્રકાર પર આધાર રાખશે. રાજ્ય અને જિલ્લા કક્ષાનાપ્રોજેક્ટ અમલીકરણ યુનિટ્સ (PIUs)ની સૂચિત રચના અંગે અલગથી જાણ કરવામાં આવશે.

૩. પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ્સ (PIUs)ની રચના માટેની દરખાસ્ત એ રાજ્યો / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા મંત્રાલયને રજૂ કરવામાં આવતી વાર્ષિક કાર્ય યોજના હેઠળ 'વહીવટી ખર્ચ' નો એક ભાગ બનશે.

૪. સાર્વજનિક અને પારદર્શક પ્રક્રિયાના માધ્યમથી પસંદ કરવામાં આવેલ એજન્સી મારફત યુવા વ્યવસાયિકો અને અન્ય નિષ્ણાતોને પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ્સ (PIUs)માં કામ પર રાખવામાં આવશે.

૫. પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ (PIU) માટે જરૂરી નાણાં યોજનાના વહીવટી ખર્ચ હેઠળ આપવામાં આવતી રકમમાંથી મેળવવામાં આવશે.

**૬. મૂલ્યાંકન:**

અ. ગ્રામ વિકાસ અથવા સામાજિક વિજ્ઞાન અથવા સંચાલન વગેરે ક્ષેત્રમાં કામ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા આ યોજનાનું સ્વતંત્ર મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે.

બ. NITI આયોગ અથવા કેન્દ્ર કે રાજ્ય સરકારની અન્ય નિયત સંસ્થા જેમ કે NSSO પણ આ યોજનાના અમલીકરણનો સ્વતંત્ર સર્વે / મૂલ્યાંકન હાથ ધરી શકશે.

**૭. સામાજિક અન્વેષણ:**વધુ સારી પારદર્શિતા જાળવી રાખવા અને નાણાંનો સારી રીતે ઉપયોગ થાય એ સુનિશ્ચિત કરવા રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ, ૨૦૦૫ની કલમ – ૧૭ હેઠળ જે રીતે સામાજિક અન્વેષણ કરવામાં આવે છે એ રીતે ગ્રામસભા આ યોજનાનું સામાજિક અન્વેષણ હાથ ધરી શકશે.

## પ્રકરણ – ૬

## નાણાં પ્રવાહ વ્યવસ્થાતંત્ર

૧. આ યોજનાનું અમલીકરણ અને રાજ્યોને નાણાંની ચૂકવણી સામાન્ય નાણાકીય નિયમો, ૨૦૧૭ ની જોગવાઈઓ અને એમાં વખતોવખતના ફેરફારોને આધિન રહેશે.

૨. યોજના હેઠળ ચૂકવવામાં આવેલ રકમના વપરાશ અંગેનું યુટિલાઈઝેશન સર્ટિફિકેટ (UC) સામાન્ય નાણાકીય નિયમો, ૨૦૧૭ હેઠળ નિયત કરવામાં આવ્યા અનુસાર રહેશે. ઉપરાંત, સામાન્ય નાણાકીય નિયમો, ૨૦૧૭ના નિયમ – ૨૩૦(૮) ની જોગવાઈઓ મુજબ, તમામ પ્રકારનું વ્યાજ અને સહાયક અનુદાન અથવા આગોતરી (એડવાન્સ) મળેલ રકમો સામેની આવકો હિસાબો આખરી કર્યા પછી તરત જ ભારત સરકારની સંચયિત નિધિમાં ફરજિયાતપણે પરત જમા કરાવવાના રહેશે.

3. નાણાં છૂટા કરવાની બાબત, વધુમાં, ભારત સરકારના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગની કાર્યાલય યાદી ક્રમાંક ૧(૧૩)PFMS/FCD/૨૦૨૦, તા. ૨૩. ૦૩. ૨૦૨૧ થી ઈસ્યુ કરવામાં આવેલ ગાઈડલાઈન્સમાં સમાવ્યા મુજબની સંબંધિત જોગવાઈઓ અને એ અંગેના ત્યારબાદના હુકમોને આધિન છે.

## પ્રકરણ – ૭

## અન્ય બાબતો

### ૧. તકનિકી સંસાધન સહાય (ટેકનિકલ રિસોર્સ સપોર્ટ):

અ. રાષ્ટ્રિય કક્ષાએ, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ ગ્રામીણ વિકાસ સંસ્થાન (National Institute of Rural Development & Panchayati Raj –NIRD&PR), હૈદરાબાદ આ યોજના માટે તકનિકી સંસાધન સહાય પૂરી પાડશે.

બ. એવી રીતે, રાજ્ય અને જિલ્લા કક્ષાએ ગ્રામીણ વિકાસના રાજ્ય સંસ્થાન (State Institute of Rural Development) / NIRD&PR ના વિસ્તરણ તાલીમ કેન્દ્રો (Extension Training Centers – ETCs) અથવા રાજ્ય / કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા ઓળખી કાઢેલ અને પસંદ કરવામાં આવેલ અન્ય કોઈ પ્રતિષ્ઠિત સંસ્થા આ યોજનાના અમલીકરણ માટે તકનિકી સંસાધન સહાય પૂરી પાડશે.

ક. આ સંસ્થાનોએ અન્ય કામગીરીની સાથે નીચે મુજબના કાર્યો કરવાના રહેશે:

૧. જિલ્લા કક્ષાએ રાજ્યના સરકારી અધિકારીઓ અને કામ કરતી અન્ય મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓને પ્રારંભિક તાલીમ આપવી.

૨. જુદી જુદી કક્ષાએ કામ કરતી મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓ માટેના પ્રશિક્ષણ મોડ્યુલ તૈયાર કરવામાં મદદ કરવી.

૩. યોજનાના આયોજન, અમલીકરણ અને મોનિટરીંગની કામગીરી સાથે સંકળાયેલ તમામ કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓને તાલીમ આપવી.

૪. કેન્દ્રિય, રાજ્ય અને જિલ્લા (નવા ઉમેરાયેલ) કક્ષાએ સ્થાપિત કરેલ પ્રોજેક્ટ અમલીકરણ યુનિટ્સ (PIUs) માટે માનવબળની વ્યવસ્થા કરવી.

### ૨. પ્રશિક્ષણ અને ક્ષમતા નિર્માણ:

અ. રાજ્ય સરકાર યોજનાના સંબંધમાં તકનિકી સંસાધન સહાય પ્રદાન કરતી સંસ્થાઓની મદદથી તમામ કક્ષાએ કામ કરતી વ્યક્તિઓ માટે જરૂરી તાલીમ અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો હાથ ધરશે.

બ. ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારના ચાવીરૂપ પદસ્થાને બિરાજતા અધિકારીઓ દ્વારા રાજ્ય / જિલ્લા કક્ષાએ કામ કરતા અધિકારી / કર્મચારીઓ માટે નિયમિત સમયાંતરે તાલીમ અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો હાથ ધરશે.

**૩. જાગરૂકતા કેળવણી અને પ્રસિદ્ધિ:**

યોજના સંબંધિત તમામ પાસાઓને બહોળી પ્રસિદ્ધિ આપવા માટે સંબંધિત બ્લોક / તહેસિલ / તાલુકા અને જિલ્લામાં પસંદગીના ગામોમાં માહિતી, શિક્ષણ અને સંચાર (Information, Education and Communication – IEC) મારફતે જાગરૂકતા કેળવવામાં આવશે. આ ઉપરાંત, સ્વચ્છતા, આરોગ્ય, પોષણ વગેરેના વિવિધ સામાજિક-આર્થિક સૂચકોને લગતા પાસાઓ અંગે સામાજિક સંદેશા પ્રસારિત કરી શકાશે.

****

**પરિશિષ્ટ – ૧**

**(સંદર્ભ : પ્રકરણ – ૧ ના ફકરા ક્રમાંક ૧)**

**આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ પરિવારોના વિકાસ માટે વિવિધ ક્ષેત્રો હેઠળ હાથ ધરી શકાય એવા પ્રોજેક્ટ્સની સૂચક યાદી**

| | |
|---|---|
| **૧. કૃષિ અને જમીન સંવર્ધન** | |
| એ) | અનુસૂચિત જાતિના ખેડૂતો માટે તાલીમ – કમ – નિદર્શન |
| બી) | અનુસૂચિત જાતિના ખેડૂતોને બિયારણ / ખાતર / જંતુનાશક દવાનું વિતરણ |
| સી) | અનુસૂચિત જાતિના ખેડૂતોની જમીનમાં વધુ ઉપજ આપતા પાકના વાવેતરના કાર્યક્રમો |
| ડી) | અનુસૂચિત જાતિના ખેડૂતોની જમીનમાં ધંધાદારી પાકોના વાવેતરના કાર્યક્રમો |
| ઇ) | સજીવ (સેન્દ્રિય) અને પર્યાવરણ-સાનુકૂળ ખેત પદ્ધતિઓને પ્રોત્સાહન માટે સહાય |
| એફ) | અનુસૂચિત જાતિની વ્યક્તિઓને તેમની જમીનખેતી લાયક બનાવવા / વિકાસ કરવા માટે સહાય |
| જી) | જમીન વિકસાવવા અને ખેતી લાયક બનાવવા માટે જેમને વધારાની જમીન ફાળવવામાં આવેલ છે એવા અનુસૂચિત જાતિના પરિવારોને સહાય |
| એચ) | મધમાખી ઉછેર અને પ્રોસેસીંગ |
| આઈ) | રેશમ કીડા ઉછેર અને તેને લગતી પ્રવૃત્તિઓ |
| જે) | જમીન સંરક્ષણ પગલાંના ભાગ રૂપે અમુક ચોક્કસ જાતોનું વાવેતર કરવું |
| કે) | જમીન સંરક્ષણ માટેના અન્ય ઉપાયો / પગલાં |
| **૨. બાગાયતી ખેતી** | |
| એ) | ફળો અને શાકભાજી ઉગાડતા અનુસૂચિત જાતિના ખેડૂતોને વાવેતર અને માર્કેટીંગમાં વતાલીમ |
| બી) | અનુસૂચિત જાતિના લાભાર્થીઓની જમીનમાં ફળો અને શાકભાજીના રોપાનું વાવેતર કરવું |
| સી) | નાના પાયે નર્સરી, બિયારણના ખેતર વગેરે. |
| **૩. લઘુ કે નાની સિંચાઈ** | |
| એ) | સિંચાઈ પ્રોજેક્ટના ભાગ રૂપે કૂવો બનાવવો, ટ્યુબવેલ, ઈરિગેશન પંપ સેટ, ખેત તલાવડી, ટપક સિંચાઈ પદ્ધતિ, વગેરે માટે વ્યક્તિગત લાભાર્થીઓને સહાય |
| બી) | ૫૦% કે તેથી વધુ લાભાર્થીઓ ધરાવતા અનુસૂચિત જાતિની જૂથો / સમુદાયોને ચેક-ડેમ, ફાંટ નહેર (ડાઈવર્ઝન ચેનલ), જળ સંરક્ષક સંરચના, કૂવા, ટ્યુબવેલ, સહકારી લિફ્ટ પોઈન્ટ |
| **૪. પશુપાલન** | |
| એ) | પશુપાલનને પ્રોત્સાહન આપવા માટે અનુસૂચિત જાતિના પશુપાલકોને પ્રોત્સાહન |
| બી) | દૂધાળા પશુના ઉછેર અને ડેરી ફાર્મિંગ માટે સહાય |
| સી) | મરઘા પાલન માટે સહાય |
| ડી) | ઘેટા / બકરા ઉછેર માટે સહાય |

| | |
|---|---|
| ઇ) | મરઘા બતકા ઉછેર માટે સહાય |
| એફ) | અનુસૂચિત જાતિની વધુ વસતી ધરાવતા વિસ્તારોમાં પશુપાલન અને સંબંધિત પ્રવૃત્તિઓ માટેની સહકારી મંડળીને સહાય |
| **૫. મત્સ્ય ઉછેર ઉદ્યોગ** | |
| એ) | મત્સ્ય ઉત્પાદન અને સંગ્રહનો વ્યવસાય કરતી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને તાલીમ |
| બી) | અનુસૂચિત જાતિના પરિવારોને મત્સ્ય પાલન માટે સહાય |
| સી) | માછીમારો માટેના આજીવિકા પ્રોજેક્ટ્સના ભાગ રૂપે અનુસૂચિત જાતિના માછીમારોને માછલી પકડવા માટેની બોટ, જાળ વગેરે ખરીદવા માટે સહાય |
| ડી) | અનુસૂચિત જાતિ માછીમાર સહકારી મંડળીઓ બનાવવી. |
| **૬. ફૂડ પ્રોસેસીંગ (ખાદ્ય પદાર્થો પર પ્રક્રિયા અને સંસ્કરણ)** | |
| એ) | ફૂટ પ્રોસેસીંગ (ખાદ્ય પદાર્થ પર પ્રક્રિયા અને સંસ્કરણ) પ્રવૃત્તિઓને સહાય |
| **૭. વનસંવર્ધન, પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ** | |
| એ) | અનુસૂચિત જાતિના પરિવારોને લાભકારક સામાજિક વનીકરણ અને જંગલી વૃક્ષોનું સંવર્ધન |
| બી) | પરિવારલક્ષી આર્થિક વિકાસની સંભાવના ધરાવતા સજીવ સૃષ્ટિ અને પર્યાવરણ માટેના કાર્યક્રમો |
| **૮. હસ્તકલા કારીગરી અને હેન્ડલૂમ(હાથશાળ કે હાથવણાટ)** | |
| એ) | ધંધા-વ્યવસાયો અને લઘુ કુટિર ઉદ્યોગની સ્થાપના માટે અનુસૂચિત જાતિના કારીગરો / કલાકારોને સહાય |
| બી) | અનુસૂચિત જાતિના પરિવારોમાં નવા નવા કલા-કસબ અને કારીગરી વિકસાવતા કાર્યક્રમો હાથ ધરવા |
| સી) | હેન્ડલૂમ (હાથશાળ કે હાથવણાટ) અને કાપડ ઉદ્યોગના પ્રોત્સાહન માટે સહાય |
| ૯. | **ઉદ્યોગ, સેવા અને વ્યવસાય (Industry, Service and Business – ISB)** |
| એ) | ઉત્પાદન એકમો |
| બી) | ચર્મોદ્યોગ એકમો |
| સી) | સુથારીકામ અને ફર્નિચર ઉત્પાદન એકમો |
| ડી) | છાપકામ (પ્રિન્ટીંગ) એકમો |
| ઇ) | ઈંટ ઉત્પાદન એકમો |
| એફ) | રબર ઉત્પાદન એકમો |
| જી) | પેઈન્ટ્સ અને કોટીંગ એકમો |
| એચ) | તૈયાર કપડાં (રેડીમેડ ગાર્મેન્ટ્સ)ના ઉત્પાદન એકમો |
| આઈ) | છૂટક વેપાર, કરિયાણાની દુકાન અને શો-રૂમ |
| જે) | હીરા ઝવેરાતને લગતી પ્રવૃત્તિઓ |
| કે) | ઇલેક્ટ્રોનિક્સને લગતી પ્રવૃત્તિઓ |

| | |
|---|---|
| એલ) | બેકરી યુનિટ |
| એમ) | બોટિક્સ (ફેશનેબલ વસ્ત્રોની બનાવટ) |
| એન) | બ્યુટી પાર્લર |
| ઓ) | પ્લમ્બીંગ યુનિટ |
| પી) | ઓટો, ઓટોમોબાઈલ રિપેર એકમો |
| ક્યૂ) | IT / ITeS સેવાઓ |
| આર) | પ્રસાર માધ્યમો અને મનોરંજન (મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ) |
| એસ) | આરોગ્ય સારવાર અને સાર-સંભાળ |
| ટી) | બેન્કીંગ અને નાણાકીય સેવાઓ સંબંધિત |
| યુ) | બજારમાં ટકી શકે એવા અન્ય ધંધા-વ્યવસાય એકમો – સ્થાનિક જરૂરિયાત અને શક્યતા અનુસાર |
| **૧૦. સહકારી મંડળીઓ** | |
| એ) | વિવિધ ક્ષેત્રોમાં સામૂહિક સાહસને પ્રોત્સાહન આપવા માટે નવી સહકારી મંડળીઓ રચવી અને નોંધપાત્ર સંખ્યામાં અનુસૂચિત જાતિના સભ્યો ધરાવતી પ્રવર્તમાન સહકારી મંડળીઓને વધુ મજબૂત બનાવવી |
| બી) | વપરાશી ચીજવસ્તુઓનાના ઉત્પાદન સાથે સંકળાયેલ અનુસૂચિત જાતિના સભ્યોની સહકારી મંડળીને કાર્યશીલ મૂડી સહાય |
| સી) | નોંધપાત્ર સંખ્યામાં અનુસૂચિત જાતિના સભ્યો ધરાવતી ગ્રાહક સહકારી મંડળીઓ, શ્રમિક સહકારી મંડળીઓ અને અન્ય સહકારી મંડળીઓને વધુ મજબૂત બનાવવી |
| ડી) | અનુસૂચિત જાતિની સહકારી મંડળીના સભ્યોને સંચાલન અને વહીવટી ક્ષેત્રમાં તાલીમ આપવી. |
| ઇ) | પ્રોસેસીંગ (પ્રક્રિયા અને સંસ્કરણ) / માર્કેટીંગ સહકારી મંડળીઓ |

**<u>પરિશિષ્ટ – ૨</u>**

**(સંદર્ભ : પ્રકરણ – ૧ ના ફકરા ક્રમાંક ૮ અને પ્રકરણ – ૩ ના ફકરા ક્રમાંક ૩)**

## કેન્દ્રિય અને રાજ્ય કક્ષાની સલાહકાર સમિતિની રચના

**અ. કેન્દ્રિય સલાહકાર સમિતિ:**

૧. પ્રધાન (સામાજીક ન્યાય અને અધિકારીતા) - અધ્યક્ષ

૨. પ્રધાન (ગ્રામીણ વિકાસ) - સહ અધ્યક્ષ

૩. અધ્યક્ષ, અનુસૂચિત જાતિઓ માટેનું રાષ્ટ્રિય આયોગ (NCSC)

૪. સભ્ય (અનુસૂચિત જાતિવિકાસના ઈનચાર્જ),NITI આયોગ

૫. સંસદમાંથી ત્રણ સભ્યો (બે લોકસભામાંથી અને એક રાજ્યસભામાંથી)

૬. PMAJAY રાજ્યોના પ્રધાન ૧) અનુસૂચિત જાતિ કલ્યાણ, અને ૨) ગ્રામીણ વિકાસ / પંચાયતી રાજના ઈનચાર્જ

૭. સચિવ (સામાજીક ન્યાય અને અધિકારીતા)

૮. નીચેના મંત્રાલયો / વિભાગોના પ્રતિનિધિઓ (સંયુક્ત સચિવથી નીચેની રેન્કના ન હોય એવા):

૧) નિતિ આયોગ
૨) નાણાકીય સેવાઓનો વિભાગ
૩) ખર્ચ વિભાગ
૪) ગ્રામીણ વિકાસ મંત્રાલય
૫) પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય
૬) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
૭) ઉચ્ચ શિક્ષણ વિભાગ
૮) શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ
૯) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય
૧૦) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
૧૧) પંચાયતી રાજ મંત્રાલય

૧૨) ઉર્જા મંત્રાલય

૧૩) જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ મંત્રાલય

૧૪) સંચાર વિભાગ

૧૫) ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય

૯. ડિરેક્ટર જનરલ, રાષ્ટ્રિય ગ્રામીણ વિકાસ સંસ્થાન, હૈદરાબાદ

૧૦. અનુસૂચિત જાતિ કલ્યાણ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં કામ કરતા વધુમાં વધુ છ (૬) નિષ્ણાતો / સામાજિક કાર્યકરો, જેને અધ્યક્ષ દ્વારા મનોનિત કરવામાં આવશે.

૧૧. સંયુક્ત સચિવ અને નાણાકીય સલાહકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય

૧૨. સંયુક્ત સચિવ (PMAJAY - ઈનચાર્જ), સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, - સભ્ય-સચિવ

**બ. રાજ્ય કક્ષાની સલાહકાર સમિતિની રચના:**

૧. સમાજ કલ્યાણ મંત્રી - અધ્યક્ષ

૨. ગ્રામ વિકાસ મંત્રી - સહ અધ્યક્ષ

3. રાજ્યના નીચેના વિભાગોના પ્રતિનિધિઓ:

૧) આયોજન

૨) પંચાયતી રાજ

3) મહિલા અને બાળ વિકાસ

૪) શિક્ષણ

૫) આરોગ્ય

૬) પેયજળ સપ્લાય

૭) ગૃહ

૮) જાહેર બાંધકામ

૯) સિંચાઈ / જળ સંસાધન

૧૦) ઉર્જા / વીજ

૧૧) માહિતી ટેકનોલોજી

૧૨) અન્ય સંબંધિત વિભાગો, જો કોઈ હોય તો

૪. રાજ્ય કક્ષાની ટેકનિકલ સંસાધન સહાય સંસ્થાનના વડા

૫. રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના પ્રતિનિધિ

૬. રાજ્યના દૂરસંચાર વિભાગના પ્રતિનિધિ

૭. અનુસૂચિત જાતિ કલ્યાણના ક્ષેત્રમાં કામ કરતા ઓછામાં ઓછા છ (૬) નિષ્ણાતો / સામાજિક કાર્યકરો

૮. રાજ્યની લીડ બેન્કના પ્રતિનિધિ

૯. ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયમાંથી એક-એક પ્રતિનિધિ

૧૦. રાજ્ય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્રસચિવ, - સભ્ય-સચિવ

**પરિશિષ્ટ – ૩**

**(સંદર્ભ: પ્રકરણ – ૫ ના ફકરા ક્રમાંક ૪)**

**પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC) અને ગ્રામ્ય કક્ષાની પ્રોજેક્ટ એકીકરણ સમિતિ (VLCC) ની રચના**

**અ. કેન્દ્રિય કક્ષાએ પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC):**

૧. સચિવ, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય - અધ્યક્ષ

૨. નીચેના વિભાગો / સંગઠનોના પ્રતિનિધિઓ (સંયુક્ત સચિવથી નીચેની રેન્કના ન હોય એવા)

૧) NITI આયોગ
૨) ગ્રામીણ વિકાસ વિભાગ
૩) પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય
૪) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
૫) ઉચ્ચ શિક્ષણ અને સાક્ષરતા વિભાગ
૬) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય
૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
૮) પંચાયતી રાજ મંત્રાલય

૩. રાષ્ટ્રિય ટેકનિકલ સંસાધન સહાય સંસ્થાનના વડા / નોડલ અધિકારી

૪. સંયુક્ત સચિવ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

૫. સંયુક્ત સચિવ અને નાણાકીય સલાહકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

૬. નિયામક, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ - સભ્ય-સચિવ

**બ. રાજ્ય કક્ષાએ પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ (PACC):**

૧. ખાસ મુખ્ય સચિવ / અગ્રસચિવ - અધ્યક્ષ

૨. નીચેના વિભાગો / સંગઠનોના પ્રતિનિધિઓ:

૧) આયોજન

૨) પંચાયતી રાજ

૩) ગ્રામીણ વિકાસ

૪) મહિલા અને બાળ વિકાસ

૫) શિક્ષણ

૬) આરોગ્ય

૭) પેયજળ સપ્લાય

૮) જાહેર બાંધકામ

૯) સિંચાઈ / જળ સંસાધનો

૧૦) ઉર્જા / વીજ

૧૧) માહિતી ટેકનોલોજી

૧૨) અન્ય સંબંધિત વિભાગો, જો કોઈ હોય તો

૧૩) રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના પ્રતિનિધિ

૩. જેના ગામો આવરી લેવામાં આવ્યા છે એવા વધુમાં વધુ ૫ PMAJAY જિલ્લાઓના પ્રતિનિધિઓ

૪. રાજ્ય કાક્ષાના ટેકનિકલ સંસાધન સહાય સંસ્થાનના વડા / નોડલ અધિકારી

૫. નિયામક / કમિશ્નર, સમાજ કલ્યાણ, રાજ્ય સરકાર - સભ્ય-સચિવ

**ક. જિલ્લા કક્ષાએ પ્રોજેક્ટ મૂલ્યાંકન કમ એકીકરણ સમિતિ:**

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ / કમિશ્નર / કલેક્ટર - અધ્યક્ષ

૨. નીચેના વિભાગો / સંગઠનોના પ્રતિનિધિઓ:

૧) CDO

૨) જિલ્લા પંચાયત

૩) પંચાયતી રાજ

૪) ગ્રામીણ વિકાસ

૫) મહિલા અને બાળ વિકાસ

૬) શિક્ષણ

૭) આરોગ્ય

૮) પેયજળ સપ્લાય

૯) જાહેર બાંધકામ

૧૦) સિંચાઈ / જળ સંસાધનો

૧૧) ઉર્જા / વીજ

૧૨) માહિતી ટેકનોલોજી

૧૩) સંબંધિત અન્ય વિભાગો, જો કોઈ હોય તો

૩. જેના ગામો આવરી લેવામાં આવ્યા છે એવા વધુમાં વધુ ૫ PMAJAY જિલ્લાઓના પ્રતિનિધિઓ

૪. રાજ્ય કાક્ષાના ટેકનિકલ સંસાધન સહાય સંસ્થાનના નોડલ અધિકારી, જરૂર જણાય ત્યારે ખાસ આમંત્રિત સભ્ય તરીકે

૫. DWO અથવા જિલ્લાના તેમની સમકક્ષ અધિકારી - સભ્ય-સચિવ

**૬. ગ્રામ્ય કક્ષાએ પ્રોજેક્ટ એકીકરણ સમિતિ:**

| | | | |
|---|---|---|---|
| ૧. | ગામના સરપંચ / પ્રધાન | - | અધ્યક્ષ |
| ૨. | ગ્રામ પંચાયતના અનુસૂચિત જાતિના તમામ સભ્યો | | |
| ૩. | આંગણવાડી કાર્યકર (AWW), આશા કાર્યકર (ASHA), ANM, વગેરે | | |
| ૪. | પંચાયતી રાજ અને જાહેર બાંધકામ ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ | | |
| ૫. | NREGA ના ગ્રામીણ ક્ષેત્રિય કાર્યકરો | | |
| ૬. | શાળાના શિક્ષક | | |
| ૭. | અન્ય સહાયક વિભાગોના પ્રતિનિધિઓ | | |
| ૮. | ગ્રામીણ વિકાસ અધિકારી | | |
| ૯. | રાજ્ય કાક્ષાના ટેકનિકલ સંસાધન સહાય સંસ્થાનના નોડલ અધિકારી, - જરૂર જણાય ત્યારે ખાસ આમંત્રિત સભ્ય તરીકે | | |
| ૧૦. | ગ્રામ પંચાયતના અનુસૂચિત જાતિના સભ્યોમાંથી કોઈ એક | - | સભ્ય-સચિવ |

*********************